જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૮-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સરકારે એક નવી લાઈન કાઢી અને તે છે 'ગાયબ' થઈ ગયું

રાફેલ ડીલમાં વડાપ્રધાને બાયપાસ સર્જરી કરી, જેપીસી તપાસ થવી જોઈએ: રાહુલ ગાંધી

રાફેલ ડીલમાં ૩૦ હજાર કરોડનો ગોટાળો થયો છે,મોદી સરકારમાં રોજગાર બાદ હવે રાફેલની ફાઈલો પણ ગાયબ થઈ ગઈ,મોદીની ડીલના કારણે રાફેલ લાવવામાં મોડું થયું, પુરાવા અમે આપીશું

રાહુલ ગાંધી ખોટુ બોલે છે, શું તેઓ પાકિસ્તાન પર વિશ્વાસ કરવા માંગે છે?: ભાજપ

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે અમે રાહુલ ગાંધીના જુઠ્ઠાણાની નિંદા કરીએ છીએ. તેમને ભારતીય વાયુસેના પર વિશ્વાસ નથી. તેમને સુપ્રીમ કોર્ટ પર વિશ્વાસ નથી, તેમને CAG પર વિશ્વાસ નથી. પ્રસાદે પ્રશ્ન કર્યો કે શું તેઓ (રાહુલ ગાંધી) પાકિસ્તાન પર વિશ્વાસ કરવા માંગે છે? તેમણે કહ્યું કે તેઓ જાણી જોઈને અથવા તો અજાણતા રાફેલના હરિફોના હાથાની કઠપૂતળી બની ગયા છે. તેમણે જણાવ્યું હતું કે, શું તેમના જુઠની કોઈ સીમા છે? પીએમ પર શરમજનક આરોપ લગાવ્યા છે. તેઓ પોતે દેશની સમક્ષ ખુલ્લા પડી રહ્યા છે. તેઓ ત્યારે જ વાત સાંભળશે જ્યારે પાકિસ્તાન રાફેલ ડીલ પ્રમાણિત કરશે. હું સંપૂર્ણ રીતે રાહુલ ગાંધીની નિંદા કરું છું. તમે પહેલા જ પોતાને એક્સપોઝ કરી ચૂક્યા છો. હવે તો રાજકારણ બંધ કરી દો.

ન્યુ દિલ્હી

રાફેલ ડીલ પર એક વાર ફરીથી કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પીએમ મોદી પર નિશાન સાધ્યુ છે. ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરીને રાહુલ ગાંધીએ કહ્યુ કે માત્ર એક નવી લાઈન કાઢી છે 'ગાયબ થઈ ગયા.' ૨ કરોડ યુવાનોનું રોજગાર ગાયબ થઈ ગયુ, ખેડૂતોને યોગ્ય ભાવ, ડોકલામ ગાયબ થઈ ગયુ, જીએસટીથી ફાયદો ગાયબ થઈ ગયો, હવે રાફેલની ફાઈલો પણ ગાયબ થઈ ગઈ. રાહુલ ગાંધીએ એક વાર ફરીથી રાફેલ અંગે પીએમ મોદી પર મોટા આરોપ લગાવ્યા.



રાહુલ ગાંધીએ કહ્યુ કે હવે મીડિયાની તપાસ કરવાની વાત થઈ રહી છે પરંતુ જેણે ૩૦ હજાર કરોડનો ગોટાળો કર્યો છે તેના પર કોઈ તપાસ નથી થી રહી. વસ્તુઓને તોડી મરોડીને નરેન્દ્ર મોદીનો બચાવ કરવામાં આવી રહ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે સરકારનું લક્ષ્ય માત્ર ચોકીદારને બચાવવાનું જ છે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે કાગળ ગાયબ થયા છે એનો અર્થ એ કે એ કાગળોમાં સત્ય છે. તેમણે કહ્યુ કે એમાં સ્પષ્ટ લખ્યુ છે કે નરેન્દ્ર મોદી સોદાબાજી કરી રહ્યા હતા અને હવે આ વાત દરેક જણ કહી રહ્યુ છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે રાફેલ ડીલમાં નરેન્દ્ર મોદીએ બાયપાસ સર્જરી કરી છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે આ સરકારના શાસનમાં રોજગાર-ખેડૂતોના મુદ્દા સાથે હવે રાફેલ ડીલની ફાઈલો પણ ગાયબ થઈ ગઈ છે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે મોદી સરકારનું કામ બધુ ગાયબ કરવાનું છે. તેમણે કહ્યુ કે જેમના નામ કાગળોમાં છે તેમના પર કાર્યવાહી થવી જોઈએ. તેમની સામે કેમ કાર્યવાહી કરવામાં નથી આવી રહી. રાહુલ ગાંધીએ રાફેલ પર મોટો હુમલો કરતા કહ્યુ કે તમારે જેમની સામે કાર્યવાહી કરવી છે કરો પરંતુ પ્રધાનમંત્રી મોદી પર પણ કાર્યવાહી થવી જોઈએ.

સત્યાનાશ, મોદી સરકારની આ કેવી ચોકીદારી?: માયાવતી

રાફેલ વિમાન સોદામાં કથિત કૌભાંડને કારણે મોદી સરકાર એકવાર ફરીથી બેકફૂટ પર છે. કોંગ્રેસ સાથે સાથે અન્ય વિરોધ પક્ષોએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા છે. બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ ટ્વિટર કરી લખ્યું કે રાફેલના પેપર જ સંરક્ષણ મંત્રાલયથી ચોરી થઈ ગયા, આખરે આ કેવી ચોકીદાર થઈ રહી છે.

તેમણે લખ્યું કે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે રાફેલ વિમાનની ખરીદીના પેપર સંરક્ષણ મંત્રાલયથી ચોરી થઈ ગયા. સત્યાનાશ, મોદી સરકાર દ્વારા આ કેવી ચોકીદારી છે. તેમણે લખ્યું કે શું દેશહિત અને દેશની સલામતી ખરેખર સલામત હાથમાં છે, તેના પર વિચારણા કરવી પડશે.

જૈશના ચીફે ઑડિયો ક્લિપ રિલિઝ કરી

આતંકી મસૂદે કહ્યું હું જીવિત છું: પાક સેના બોલી જૈશ આતંકીનું કોઈ અસ્તિત્વ જ નથી

ઈસ્લામાબાદ

પાકિસ્તાને મસૂઝ અઝહરના દીકરા અને ભાઈ સહિત ૪૪ આતંકીની ધરપકડના સમાચારના એક દિવસ બાદ હવે ફેરવી તોળ્યું. જૈશ (જૈશ-એ-મોહમ્મદ)ના ચીફ મસૂદ અઝહરે બુધવારે એક ઓડિયો ક્લિપ રિલીઝ કરી હતી, જેમાં તેનો સ્પષ્ટ અવાજ સાંભળવા મળે છે. આ ક્લિપમાં મસૂદે પોતે જીવિત છે તેવું નિવેદન આપ્યું હતું. આશ્ચર્યજનક રીતે આ ક્લિપ એ જ સમયે બહાર આવી છે જ્યારે પાકિસ્તાનની આર્મીએ જૈશનું પાકિસ્તાનની ધરતી પર કોઈ અસ્તિત્વ નથી તેવું કહ્યું છે. પાકિસ્તાનની આર્મીએ જૈશનું અસ્તિત્વ જ નહીં હોવાનું સ્વીકાર્યું છે, તેના એક અઠવાડિયા અગાઉ જ વિદેશ મંત્રી મહેમૂદ કુરૈશીએ એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે, મસૂદ પાકિસ્તાનમાં જ છે, પરંતુ તે બીમાર છે. જ્યારે બુધવારે મેજર જનરલ આસિફ ગફૂરે કંઈક ઓર જ વાર્તા ઘડી કાઢી અને કહ્યું કે, સૌથી પહેલાં તો ત્રીસ્એ જે પુલવામા હુમલાનો દાવો કર્યો છે તે પાકિસ્તાનમાંથી નહતો કર્યો, કારણ કે પાકિસ્તાનમાં ત્રીસ આતંકવાદી સંગઠનનું કોઈ અસ્તિત્વ જ નથી. આ સંગઠન પર UN અને પાકિસ્તાનમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. એક ઈન્ટરવ્યુમાં કુરૈશીએ કહ્યું હતું કે, મસૂદ અઝહર બીમાર છે અને અમે તેના સંપર્કમાં છીએ. કુરૈશીએ એવો પણ સ્વીકાર કર્યો હતો કે, જૈશ લીડરશિપ સાથે થયેલી વાતચીતમાં તેઓએ પુલવામા હુમલાને અંજામ આપવાનો ઈકાર કર્યો છે.

જમ્મુમાં બસ સ્ટેશન પર ગ્રેનેડથી હુમલોઃ એકનું મોત, ૨૮ ઘાયલ

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં હાઈ એલર્ટ જેવી સ્થિતિ વચ્ચે જમ્મુમાં એક બસ સ્ટેન્ડ પર ગ્રેનેડ વડે હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાયું છે. આ હુમલામાં ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા જે પૈકી એકનું મોત નિપજ્યું છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ હુમલામાં ૨૮ લોકો ઘાયલ થયા હોવાનો અંદાજ છે. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સમગ્ર વિસ્તારને ખાલી કરાવી દેવાયો છે. પોલીસે આગળની તપાસની કામગીરી પણ હાથ ધરી છે. પોલીસે આ મામલામાં ૧૫ સંદિગ્ધોને કસ્ટડીમાં લીધા છે. આપને જણાવી દઈએ કે પુલવામા આતંકી હુમલા બાદથી જ જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાકર્મીઓને એલર્ટ પર રખાયા છે. એક સંદિગ્ધ હુમલાખોરે ગ્રેનેડ વડે હુમલો કર્યો હતો અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આઈજીના મતે હુમલાનો ઉદ્દેશ સાંપ્રદાયિક સૌહાર્દને ખરાબ કરવાનો છે. તપાસ શરૂ કરવામાં આવી છે અને વહેલી તકે દોષિતોને ઝડપી લેવાશે. બ્લાસ્ટ થતાની સાથે સ્થાનિક પોલીસ અને સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સવારે ૧૧.૩૦ કલાકે બસ સ્ટેશન પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જ્યાં વિસ્ફોટ થયો ત્યા પડેલી એક બસમાં કેટલાક લોકો સવાર હતા. પ્રત્યક્ષદર્શિઓના જણાવ્યા પ્રમાણે બસ સ્ટેશન પર ગ્રેનેડથી હુમલો કરવામાં આવ્યો. જેથી થોડીવાર માટે બસ સ્ટેશન પર અફરા-તફરી મચી ગઈ હતી.

મારા સમયમાં પાકિસ્તાન જૈશની મદદથી ભારતમાં બ્લાસ્ટ કરાવતું હતું: પરવેઝ મુશર્રફ

ન્યુ દિલ્હી

પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ પરવેઝ મુશર્રફે પોતાના જ દેશની પોલ ખોલી નાખી છે. એક પાકિસ્તાની પત્રકાર સાથે વાતચીત કરતા પરવેઝ મુશર્રફે ખુલાસો કર્યો કે પાકિસ્તાને ભારત પર હુમલો કરવા માટે જૈશ-એ-મોહમ્મદનો અનેક વખત ઉપયોગ કર્યો હતો. મુશર્રફે કહ્યુ કે, 'મારા કાર્યકાળમાં ગુપ્તચર એજન્સીએ ભારત પર હુમલો કરવા માટે અનેક વખત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદની મદદ લીધી હતી. પરવેઝ મુશર્રફે પાકિસ્તાની પત્રકાર નદીમ મલિક સાથે વાતચીત કરતી વખતે આ વાત કરી હતી. આ વાતચીત દરમિયાન મુશર્રફે જૈશ-એ-મોહમ્મદ સામે કરવામાં આવેલી કાર્યવાહીનું સ્વાગત કર્યું હતું. મુશર્રફે કહ્યુ કે ૨૦૦૩માં તેમની હત્યાનો પ્રયાસ થયો હતો. મુશર્રફના જણાવ્યા પ્રમાણે બે વખત તેમની હત્યા કરવાનો પ્રયાસ થયો હતો. મુશર્રફને જ્યારે પૂછવામાં આવ્યું કે તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન જૈશ સામે કાર્યવાહી શા માટે ન કરી તો મુશર્રફે કહ્યુ કે, એ વખતે સમયુ જુદો હતો. એ વખતે ભારત અને પાકિસ્તાન એક બીજા પર બોમ્બ ફેંકી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૪મી ફેબ્રુઆરીના રોજ સીઆરપીએફના કાફલા પર આતંકી હુમલો થયો હતો. આ હુમલો જૈશ-એ-મોહમ્મદ તરફથી કરાવવામાં આવ્યો હતો. આત્મઘાતિ હુમલામાં ૪૦ જવાના શહીદ થયા હતા. જે બાદમાં પાકિસ્તાને બાલાકોટમાં ઘૂસીને જૈશના તાલિમ કેન્દ્ર પર બોમ્બ ફેંક્યા હતા.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.

કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.

પગાર અનુભવ અને લાયકાત મુજબ

Mo. 75750 06847

Email : market4u19@gmail.com



MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market



RV-04

Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

રાણપુરમાં ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ



વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને ચોકલેટ આપી સ્વાગત કરી શુભેચ્છા પાઠવવામાં આવી

આજરોજ બોટાદ જીલ્લાના રાણપુરમાં ધોરણ ૧૦ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનો શુભારંભ શાંતિપૂર્ણ રીતે થયો હતો

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા કેન્દ્ર પર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ તે માટે પૂરતો સ્ટાફ ફાળવ્યો હતો તેમજ પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો રાણપુરમાં જન્મભુમિ હાઈસ્કુલ અને સી.એસ.ગદાણી હાઈસ્કુલ ખાતે પરીક્ષા નો પ્રારંભ થયો હતો જેમાં રાણપુર ની જન્મભુમિ હાઈસ્કુલમાં દિકરીઓએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શુભેચ્છા પાઠવી હતી જ્યારે રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા અને સભ્ય રાજેશભાઈ શાહ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ આપી વિદ્યાર્થીઓનું સ્વાગત કરી કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા બોર્ડની પરીક્ષામાં ગેરરીતિઓ અટકે અને પરીક્ષા યોજાય એ માટે જરૂરી કાર્યવાહી કરી તમામ કેન્દ્રો ઉપર શાંતિમહોલમાં પરીક્ષા યોજાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો

રાણપુર તાલુકાના સરપંચો દ્વારા રાણપુર તાલુકા પંચાયત સામે આત્મવિલોપન પ્રયાસ કરવામાં આવ્યો



તાલુકા પંચાયતના હિશાબી શાખાના અધિકારીની મનમાની લીધે સરપંચ યુનીયનના પ્રમુખનો આત્મવિલોપનનો પ્રયાસ

બોટાદ જીલ્લા ના રાણપુર તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા રાણપુર તાલુકા પંચાયત સામે કેરોસીન છાંટી આત્મવિલોપન નો પ્રયાસ કરવામાં આવ્યો હતો તાલુકા પંચાયતના હિશાબી શાખાના અધિકારી ની મનમાની તેમજ ૧૪ માં નાણાં પંચ ના કામોની વહીવટી મંજૂરી ન આપતા રાણપુર તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ દ્વારા આત્મવિલોપન નો પ્રયાસ કરવામાં આવ્યો હતો રાણપુર તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ જાદવભાઈ ધાડવી દ્વારા આત્મવિલોપન નો પ્રયાસ કરતા અફડાતફડી ના દ્રશ્યો સર્જાયા હતા આત્મવિલોપ ની જાણ રાણપુર પોલીસ ને થતા પોલીસ દ્વારા સરપંચ એસોએસિએશન ના પ્રમુખ જાદવભાઈ ધાડવીની પોલીસ દ્વારા આત્મવિલોપન કરે તે પહેલાં અટકાયત કરવામાં આવી હતી

ખાણ-ખનીજ અધિકારી પર ટ્રક ચાલક રેતી માફિયાનો હુમલો

ચોરીની રેતી વહન કરતી ટ્રક રોકવામાં આવતા મારામારી

સુરત

માંડવી તાલુકાના પીપલવાડા ગામ ખાતે ખાણ-ખનીજ ખાતાના અધિકારીને ઢીક-મુક્કીનો માર મારી ગાળો બોલી એક ટ્રક ચાલક ફરાર થઈ ગયો હોવાનો બનાવ માંડવી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે જ્યારે ગેરકાયદેસર રીતે રેતી વહન કરતી ટ્રકને રોકી ત્યારે ટ્રક ચાલકેતે ની સાથે જીભાજોડી કરી હોવાનું માંડવી પોલીસે જણાવ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ ઉમરપાડા તાલુકાના હદધરી ગામના નિશાળ ફળિયાના વતની અને હાલમાં ખાણ-ખનીજ ખાતામાં નોકરી કરતા જીગ્નેષભાઈ વસાવા અને તેમના સહ કર્મચારી માંડવી તાલુકાના પીપલવાડા ગામ શેરૂલા રોડ કેનાલ પાસે પોતાની ફરજ બજાવતા તા ત્યારે ગેર કાયદેસર રીતે વહન કરતા એક ટ્રક ચાલક (જીજે-૨૬ એન-૫૨૫૧) સંજયભાઈ બુધિયાભાઈ ચૌધરીની ટ્રકને રોકીકાયદેસરની કાર્યવાહી કરતા હતા ત્યારે આરોપી સંજયભાઈ તથા અતુલભાઈ (ક્લીનર) વિગેરેઓએ તેની સાથે જીભાજોડી કરી માર મારી તથા ગાળો બોલી ફરાર થઈ ગયા હતા. ખાણ-ખનીજ ખાતામાં અધિકારી જીગ્નેષ વસાવાએ માંડવી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૩૨, ૫૦૪ તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાણપુરમાં પ્રમુખસ્વામી માર્ગની દયનીય સ્થિતિ

રાણપુર પોલીસ સ્ટેશનથી મામલતદાર કચેરી સુધીના રસ્તે પાણીની લાઈન લીકેજ કારણે મોટા ખાડા-રાહદારીઓ પરેશાન

રાણપુરના સામાજીક આગેવાન અને પત્રકાર વિપુલ લુહાર દ્વારા તલાટી, સરપંચ, પંચાયતના કર્મચારીઓને સ્થળ ઉપર બોલાવી રજુઆત કરાઈ



બોટાદ જીલ્લાનુ રાણપુર તાલુકા કક્ષાનુ ગામ છે ૨૩૦૦૦ આસપાસ વસ્તી ધરાવતુ રાણપુર શહેર જ્યા વિકાસના નામે કાગડા ઉડે છે રાણપુર નો એક પણ જાહેર માર્ગ ઉપર રોડ નુ નામ નિશાન નથી મહત્વના માર્ગો ઉપર ખાડા પડી જતા રાહદારીઓ હેરાન પરેશાન છે.રાણપુર પોલીસ સ્ટેશન થી મામલતદાર કચેરી સુધીના માર્ગનુ નામ પરમ પુજ્ય પ્રમુખસ્વામી માર્ગ આપવામાં આવ્યુ છે બી.એ.પી.એસ.મંદીર પાસે આવેલી પાણીની ટાંકીનુ નામ પ્રમુખજલધારા આપવામાં આવ્યુ છે આ માર્ગ ઉપર બેન્ક,રાણપુર ની કોર્ટ, મ્છઁજી સ્વામિનારાયણ મંદીર, મામલતદાર કચેરી,પી.જ.વી.સી.એલ.ની પેટા વિભાગ કચેરી,વિશ્વની પ્રખ્યાત ટેક્ષપીન બેરીંગ્સ કંપની જેમાં ૨૦૦૦(બે હજાર)કામદારો રોજીરોટી મેળવી રહ્યા છે અને રેલ્વે સ્ટેશને જવા માટે આ એકમાત્ર રસ્તો છે દરોજ હજારો મુસાફરો આવન-જાવન કરે છે પાણીની ટાંકી પાસે(પ્રમુખ જલધારા) રોડ ઉપર છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી સતત પાણી લીકેજ છે જેના લીધે આ રસ્તાની દુર્દશા થઈ છે આ લીકેજ પાણી ૧૦૦ મીટર ના વિસ્તાર માં ફેલાય છે મોટા ખાડા પાણી થી ભરાઈ જાય છે કોઈપણ માણસ ચાલતા જતો હોય વાહન નિકળે એટલે ખરાબ પાણીના છાંડા ઉડે છે જેના લીધે અનેક વખત બોલાચાલી થઈ છે અનેક વખત રાણપુર ગ્રામ પંચાયતમાં રજુઆતો કરવામાં આવી છે પણ પરીણામ કોઈ આવ્યુ નહી અને એની એજ સ્થિતી રહી વારંવાર રજુઆતો કરવા છતા પણ પરીસ્થીતી માં કોઈ સુધારો નહી થતા આખરે રાણપુરના તમામ પ્રશ્ને ચિંતીત જાગૃત નાગરીક તથા સામાજીક આગેવાન પત્રકાર વિપુલ લુહાર દ્વારા આ બાબતે રાણપુર ગ્રામ પંચાયતના તલાટી,રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ અબ્બાસભાઈ ખલાણી, રાણપુર ગ્રામ પંચાયતના એન્જીન્યર બાબુભાઈ ભોજવીયા સહીત રાણપુર ગ્રામ પંચાયતના તમામ કર્મચારીઓને જે જગ્યાએ પાણી લીકેજ છે તે જગ્યાએ બોલાવી તાત્કાલિક લીકેજ પાણી બંધ કરવાની રજુઆત કરવામાં આવી હતી

આ અંગે રાણપુર સરપંચ અબ્બાસભાઈ ખલાણી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે આગામી આઠ-દસ દિવસ માં રાણપુર પોલીસ સ્ટેશનથી નવી પાણીની લાઈન નાખવાની છે જેથી પ્રમુખ જલધારા પાણીની ટાંકી પાસે રોડ ઉપર જે પાણી લીકેજ છે તે બંધ થઈ જશે

આ બાબતે બરવાળા પાણીપુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જે.પી.ચુડાસમા સાથે ટેલીફોન થી સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે પ્રમુખ જલધારા પાણીની ટાંકી પાસે જે લાઈન ઘણા સમયથી લીકેજ છે તે લાઈન નવી નાંખવાની છે અને તેનુ ટેન્ડર પ્રકીયા પુરી થઈ ગઈ છે અને આઠ દિવસ માં કામ ચાલુ થઈ જશે

રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિર કચ્છના પ્રવાસે

ભુજ

રાજયમંત્રીશ્રી વાસણ ભાઈ આહિર તા.૮/૩ થી ૧૧/૩ સુધીના કચ્છ જિલ્લાના પ્રવાસે આવી રહયા છે. તેઓ ૮મીએ સવારે ૧૦ કલાકે ૬૬ કેવી સબ સ્ટેશન, રાતા તળાવ (સાપેડા) જેટકો સંચાલિત ૬૬ કેવી સબ સ્ટેશનના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. ૧૧ કલાકે કન્યા પ્રાથમિક શાળા સતાપર તા.અંજાર મુકામે કન્યા પ્રાથમિક શાળા સતાપરના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તા.૯/૩ થી ૧૧/૩ સુધીનો પ્રવાસ કાર્યક્રમ અનામત રહેશે.

આજે નલીયા ખાતે દિવ્યાંગતા પ્રમાણપત્ર કેમ્પઓ

ભુજ

સીએચસી, નલીયા ખાતે તા.૮મી માર્ચ-૨૦૧૯ના દિવ્યાંજગોને પ્રમાણપત્રા આપવાના કેમ્પતનું આયોજન કરવામાં આવ્યુંછ. આ કેમ્પ માં હાડકાના, માનસિક આરોગ્યજ, તેમજ કાન, નાક તથા ગળા તેમજ આંખના નિષ્ણાં તો વિકલાંગ દર્દીઓને તપાસીને પ્રમાણપત્ર આપશે તેવું મુખ્યં જિલ્લાત તબીબી અધિકારી સહ સિવિલ સર્જન, કચ્છ-ભુજની યાદીમાં જણાવાયું છે.

ખેડા જિલ્લામાં તા.૨૭ માર્ચના રોજ ગ્રામ સ્વાગત કાર્યક્રમ યોજાશે

નડિયાદ

ખેડા જિલ્લાના નાગરીકોએ તા.૨૭-૦૩-૨૦૧૯ના રોજ યોજાનાર ગ્રામ સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજી તેઓના ગામે આપવાની રહેશે તેમજ પોતાના પડતર પ્રશ્નોની રજૂઆત કરવા અંગેની અરજી તા.૧૦-૦૩-૨૦૧૯ સુધીમાં ગ્રામ સ્વાગતમાં મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી તેવા મથાળા હેઠળ સંબંધિત ગામના તલાટી કમ મંત્રીશ્રીને સંબોધીને કરવાની રહેશે. આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે.(મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકારી, આકારણીને લગતા પ્રશ્નનો તેમજ નોકરી પેન્શન, રહેમરાહે નોકરીને લગતી અરજીઓનો સમાવેશ કરવામાં આવશે નહી. તેમ જિલ્લા કલેકટરશ્રી, ખેડા-નડિયાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

હળવદમાં આજથી ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

વિદ્યાર્થીઓને કુમકુમ તિલક ગુલાબનું ફૂલ આપી અને ચોકલેટ આપી સ્વાગતફ કરી શુભેચ્છા પાઠવવામાં આવી

મોરબી જીલ્લામાં ૯૪ પરીક્ષા કેન્દ્ર પર ૨૫૮૬૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે ત્યારે આજરોજ હળવદમાં ધોરણ ૧૦ ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનો શુભારંભ શાંતિપૂર્ણ રીતે થયો હતો

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો ગુરુવારથી શુભારંભ થઈ ચૂક્યો છે , હળવદમાં ધોરણ૧૦ નુ ગુજરાતી નુપેપર સરળ હોવાનું વિદ્યાર્થીઓમાંથી જાણવા મળી રહ્યું છે , હળવદ માં ધોરણ ૧૦ માં ૧૨ કેન્દ્ર માં ૩૩૦૦ વિધાથિઓ, સામાન્ય પ્રવાહમાં ૫ કેન્દ્ર પર ૧૭૧૦ વિદ્યાર્થીઓ ધોરણ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨ કેન્દ્ર માં ૫૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે , તંત્ર દ્વારા વિદ્યાર્થીઓ નો હાઉ દુર કરવા ઉગાવથી કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા હતા અને વિવિધ સંસ્થાઓ દ્વારા સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું પરીક્ષા કેન્દ્ર પર શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ તે માટે પૂરતો સ્ટાફ ફાળવ્યો છે તેમજ પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે આજે હળવદ સદભાવના વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી ગુલાબનું ફૂલ આપી ચોકલેટ આપી વિદ્યાર્થીઓનું સ્વાગત કરી કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી, હળવદ ની મહર્ષિ ગુરુકુળ તક્ષશિલા વિદ્યાલય વિવેકાનંદ વિદ્યાલય વિદ્યા દર્શન, મંગલમ વિદ્યાલય સાંદિપની સ્કુલ નવનિર્માણ વિદ્યાલય વગેરે ૧૨ જેટલા કેન્દ્ર પર શાંતિપૂર્ણ રીતે બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ચૂક્યો છે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા બોર્ડની પરીક્ષામાં ગેરરીતિઓ અટકે અને પરીક્ષા યોજાય એ માટે જરૂરી કાર્યવાહી કરી તમામ સ્થળ સંચાલકોને નિર્દેશ આપ્યા હતા આ માટે તમામ કેન્દ્રો સીસી ટીવી કેમેરાથી સજજ કરવામાં આવ્યા છે આ તકે મામલતદાર વી, કે, સોલંકી સદભાવના ના એમડી ગીરીશભાઈ લકુમ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કુમકુમ તિલક ગુલાબનું ફુલ, સરબત, ચોકલેટ, આપી શુભેચ્છા પાઠવી હતી સમગ્ર પરીક્ષા ને સફળ બનાવા સ્થળ સંચાલક સી,એમ, કણજરીયા તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી, શાંતિમહોલમાં પરીક્ષા યોજાય હતી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સાંસ્કૃતિક રક્ષા સમિતિ તરફથી બોર્ડ વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું

સાંસ્કૃતિક રક્ષા સમિતિ દવારા આજથી શરૂ થતી ગુજરાત રાજ્યની એસ.એસ.સી, એચ. એસ.સી બોર્ડની પરીક્ષામાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સફળ નીવડે તેવી શુભકામનાઓ પાઠવેલ. આજરોજ ઉધના માં આવેલ જીવન વિકાસ હાઈસ્કૂલ માં બોર્ડના પરીક્ષાર્થીઓને તિલક કરી તેમજ મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવી તેઓનો અભિવાદન કરેલ. બોર્ડના તમામ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક જીવન સફળ નીવડે તેવી સાંસ્કૃતિક રક્ષા સમિતિએ ઈશ્વરને પ્રાર્થના કરી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ હતી. સાંસ્કૃતિક રક્ષા સમિતિ તરફથી આશિષ સુર્યવંશી,હરીશ પાટીલ, પ્રફુલ કટિયારે, મુકેશ પાટીલ દિવ્યા બેન સૂર્યવંશી અશ્વિની બેન ઠાકુર કૃણાલ સુર્યવંશી તેમજ અનેક આગેવાનો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો માનસિક મનોબળ મજબૂત કરાવેલ તેમજ તેઓને આદર્શ વિચારો આપી તેઓને પ્રોત્સાહન આપેલ.

ધો. ૧૦-૧૨ બોર્ડ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે આરંભ

સુરત

રાજ્યના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધો૨ણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આજે સવારે શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઇ હતી. પ્રથમ દિવસે સવારમાં ધો૨ણ-૧૦ની પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે બપોરના ગાળામાં ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષા શરૂ થઇ હતી. આજે સવારે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ તો સમય કરતા પણ ખુબ પહેલા પરીક્ષા કેન્દ્રો પર પહોંચી ગયા હતા. તેમના દ્વારા તમામ તૈયારી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સાથે તેમના માતાપિતા પણ પહોંચી ગયા હતા. વિદ્યાર્થીઓ સવારમાં ખુબ ઉત્સાહિત દેખાતા હતા. બોર્ડની પરીક્ષાને લઇને શિક્ષણ બોર્ડ દ્વારા પણ તમામ તૈયારીઓ ગઇકાલે બુધવારના દિવસે પુર્ણ કરી દેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા પૂર્વે જિલ્લા શિક્ષણાધિકારીએ એક્શન પ્લાન જાહેર કરી દીધો છે. પરીક્ષા દરમિયાન સ્કૂલ દ્વારા મોકલાતી સીસીટીવીની સીડી દરરોજ મોનિટરિંગ કરવા અધિકારીઓની ખાસ ટીમ તૈયાર કરાઇ છે. તો, સમગ્ર પરીક્ષા પ્રક્રિયા પર વોચ રાખવા સરકાર દ્વારા પણ સમગ્ર વ્યવસ્થાતંત્ર ગોઠવી દેવાયું છે. ગુજરાતમાં બોર્ડની પરીક્ષા આજે શરૂ કરવામાં આવ્યા બાદ હવે ૨૩ માર્ચ સુધી ચાલનાર છે. પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં અને વિદ્યાર્થીઓ નિશ્ચિંતતાથી આપી શકે તે માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. ધો૨ણ-૧૦ અને ધો૨ણ-૧૨ની પરીક્ષાઓ માટે કુલ ૧૩૭ ઝોનમાં આવેલા ૧૬૦૭ કેન્દ્રો કે જેમાં ૫૮૭૪ બિલ્ડીંગોનો સમાવેશ થાય છે તેના ૬૩૬૧૫ પરીક્ષા ખંડોમાં પરીક્ષાઓ લેવાશે. બન્નેની આ પરીક્ષાઓમાં કુલ ૧૩૫ જેટલા વિષયોની પરીક્ષાઓ લેવામાં આવનાર છે. પરીક્ષાની કામગીરીમાં કુલ ૮૫,૦૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત કરવામાં આવ્યા છે. આ બંને પરીક્ષાઓમાં કુલ ૧૮.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. આ પરીક્ષાઓ અંતર્ગત એસ.એસ.સી. માટે કુલ ૮૧ અને એચ.એસ.સી. માટે કુલ ૫૬ ઝોનની રચના કરવામાં આવી છે. ધોરણ-૧૦ની પરીક્ષાઓ માટે નિયમિત તેમજ રીપીટર સાથે કુલ ૧૧,૫૯,૭૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ માટે સામાન્ય પ્રવાહના ૫,૩૩,૬૨૬ અને વિજ્ઞાન પ્રવાહના ૧,૫૭,૬૦૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા છેલ્લા બે વર્ષથી બંદીવાન માટે પરીક્ષાઓ લેવાનું આયોજન કરાય છે તે અંતર્ગત માર્ચ-૨૦૧૯ની પરીક્ષાઓ માટે ધોરણ-૧૦ના ૮૯ ધોરણ-૧૨ના ૩૬ મળી કુલ ૧૨૫ બંદીવાન અમદાવાદ, વડોદરા, રાજકોટ અને લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ ખાતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ આપી રહ્યા છે. ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ફીઝીકસ, બાયોલોજી અને કેમેસ્ટ્રીનું પ્રેકટીકલ જ્ઞાન સારી રીતે મેળવી શકે તે માટે ચાલુ વર્ષે ફેબ્રુઆરી મહિના દરમિયાન ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૫૦ લાખ વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાઓનો પહેલ રૂપ પ્રયોગ પણ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. પરીક્ષાઓમાં ખાસ તકેદારીના ભાગરૂપે સંવેદનશીલ તેમજ અતિસંવેદનશીલ પરીક્ષાઓના સ્થળ પર રાજય સરકારની સૂચનાથી જિલ્લાના વર્ગ-૧ તેમજ વર્ગ-૨ના અધિકારીઓ પરીક્ષાના ૩ કલાકના પુરા સમય માટે ઓબ્ઝર્વર તરીકે મૂકવાની વ્યવસ્થા અમલી બની છે. આ ઉપરાંત રાજયકક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી તકેદારી ટુકડીઓની વ્યવસ્થાઓ પણ ગોઠવાયેલ છે.

રાજયના તમામ પરીક્ષા સ્થળો ખાતે અંદાજે ૬૩,૦૦૦ જેટલા પરીક્ષા ખંડો સી.સી.ટીવી. કવરેજથી સજજ રહેશે. જયાં સી.સી.ટીવી કેમેરાની વ્યવસ્થા થઈ શકે તેમ નથી ત્યાં રાજય કક્ષાએથી અંદાજીત ૫૦૯ જેટલા ટેબલેટ મૂકવામાં આવેલ છે.વિદ્યાર્થીઓ ભારે ઉત્સુક બનેલા છે. વાલીઓ પણ સજજ દેખાઇ રહ્યા છે.

વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષામાં બેસવા નહીં દેવાતા

ઉશ્કેરાયેલા વાલીઓએ રાંદેર રોડ સ્થિત પ્રભાત તારા સ્કૂલમાં તોડફોડ મચાવી



બોર્ડ પરીક્ષાથી ૫૪ વિદ્યાર્થીઓ વંચિત રહેતા રજૂઆત કરીને થાકેલા વાલીઓમાં ફાટી નીકળેલો આક્રોશ

સુરત

રાંદેર રોડ, તાડવાડી પાસેની પ્રભાતતારા સ્કૂલમાં આજે રોષે ભરાયેલા વાલીઓએ હલ્લા બોલ કર્યો હતો અને શાળામાં તોડફોડ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. શિક્ષણ બોડૃની માન્યતા વિના ચાલતી પ્રભાત તારા સ્કૂલમાં ભણતા ધો. ૧૦ અને ૧૨ના ૫૪ જેટલા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની હોલ ટિકિટ નહીં મળતાં છેલ્લા કેટલાંક દિવસોથી વાલીઓ, ડીઇઓ, ધારાસભ્ય પૂર્ણેશ મોદી અને સરકારમાં રજૂઆત કરીને થાક્યા હતા. આ પ્રશ્ને સરકાર તરફથી કોઈ જ હકારાત્મક જવાબ નહીં મળતા આજે વાલીઓનો રોષ ભભૂકી ઉઠયો હતો.

આજે સવારે પ્રભાતનારા સ્કૂલમાં ઉપર એકત્રિત થયેલા વાલીઓએ ઉગ્ર દેખાવો કર્યો હતો. સરકાર વિરુદ્ધ ભારતે સૂત્રોચ્ચાર કર્યા બાદ સ્કૂલમાં ઘૂસી જઈ તોડફોડ કરતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. વિદ્યાર્થીઓના ભાગ્ય સાથે ચેડાં કરનાર સ્કૂલ સંચાલકોની સામે પોલીસ ફરિયાદ દાખલ થયેલી છે. હવે જોવાનું એ રહેશે કે વિદ્યાર્થીના ભાગ્ય બાબતે ગુજરાત સરકાર શું નિર્ણય કરશે?

કાર ચાલકે રીક્ષા-બાઇકને પણ ટક્કર મારી, કારમાંથી મળ્યું પોલીસ લખેલું લેબલ

નવસારી હીટ એન્ડ રનઃ કારચાલકે રસ્તે જતા ૩ લોકોને હવામાં ફંગોળ્યા

નવસારી

શહેરમાં અકસ્માતોનું પ્રમાણ દિવસેને દિવસ વધતું જાય છે, ત્યારે વધુ એક હિટ એન્ડ રનનો કેસ નવસારીના ચિખલીમાં સામે આવ્યો છે. આ ઘટનામાં પૂરપાટ ઝડપે આવતા કાર ચાલકે રસ્તે જતા ૩ લોકોને હવામાં ફંગોળ્યા હતા. આટલું જ નહીં કાર ચાલકે રીક્ષા-બાઇક સાથે પણ અકસ્માત કર્યો હતો. ઘટનાને પગલે કાર ચાલક કાર મૂકીને ફરાર થઇ ગયો હતો. આ ઘટનામાં ૧ વ્યક્તિને ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર, નવસારીના ચીખલીમાં હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં રસ્તા પર પૂરપાટ ઝડપે દોડી રહેલી કારે ૩ લોકોને અડફેટે લીધા હતા. ઘટનામાં ત્રણેય વ્યક્તિઓ હવામાં ફંગોળાતા તેમની ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટનાથી હેબતાઇ ગયેલા ડ્રાઇવરે કાર વધુ ઝડપે દોડાવી હતી. ત્યાં આગળ જતા રાનકૂવા પાસે અન્ય એક બાઇક સવાર અને રીક્ષા સાથે અકસ્માત નડ્યો હતો.

અકસ્માત બાદ કાર ચાલક વધુ ગભરાઈ ગયો હતો, અને રસ્તામાં લોકોનો શિકાર ન બનવું પડે તેના માટે તેને કારને વધુ સ્પીડે દોડાવી હતી, પરંતુ તેને નસીબે સાથ આપ્યો નહોતો. એક પછી એક એમ ત્રણ અકસ્માતો બાદ તેની કાર ગટરમાં પડતા તે કાર મૂકીને ભાગ્યો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. તેમણે કારમાં તપાસ કરી હતો કારમાંથી પોલીસ લખેલું એક લેબલ મળી આવ્યું હતું. આ અકસ્માતમાં સદનસીબે કોઇનું મોત થયું નહોતું, પરંતુ એક વ્યક્તિ ઘાયલ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સ્થાનિક લોકોએ ઘટનાને પગલે પોલીસને ફોન કરી સઘળી માહિતી આપી હતી. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કાપોદ્રા ફ્લાય બ્રીજ નીચે ખાડી તટે કાચા-પાકા મકાનો તોડાયા

કલાકુંજ ખાડી બ્રીજને નડતી મિલકતોનું ડીમોલીશન

સુરત

જૂના પૂર્વ વરાછા ઝોન-એમાં સમાવિષ્ટ ફા ટી.પી. સ્કીમ નં.૧૬ કાપોદ્રાના ફા. પ્લોટ નં.૧૦૯, નવી ટાંકીપાળ, પાણીની ટાંકી પાસે, વરાછા મેઈન રોડથી કલાકુંજ સોસાયટી સુધી તથા કલાકુંજ સોસાયટી શ્રીરામનગર સુધી ખાડીમાં બંને કાંઠે બનતા ફ્લાય ઓવર બ્રીજ તથા સદર ફ્લાય ઓવર બ્રીજની નીચેના ભાગમાં ૩૦.૦૦મી ખાડી ટી.પી. રોડમાં નવી ટાંકી પાળ પાણીની ટાંકીના ખાડી તરફના નડતરરૂપ આર.સી.સી. તથા કાચા મકાનો અંદાજે ૨૦૦.૦૦ ચો.મી.ના માપ વિસ્તારમાં દૂર કરી, ખાડી પર અંદાજીત ૮૫.૦૦ ૨.મી લંબાઈવાળો ભાગ ખુલ્લો કરવામાં આવ્યો. જેથી કલાકુંજ ખાડી બ્રીજની કામગીરી સરળથાથી અને ઝડપથી હાથ ધરી શકાશે.

આ કામગીરી એડી.સીટી ઈજનેરની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ તથા સિક્યુરિટી સ્ટાફ સહિત પાર પાડવામાં આવેલ.

રાંદેર ઝોન દ્વારા ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન

સુરત

સુરત મહાનગર પાલિકાનાં પશ્ચિમ ઝોન રાંદેર દ્વારા તા.૬-૩-૨૦૧૯ના રોજ મોજે અડાજણ ગામતળ વિસ્તારમાં આવેલ ટીકા નં.૮૪, ચાલતા નં.૯૬, ૯૭, ૯૮ તથા ૫૪૨ વાળી મિલ્કતના મિલ્કતદાર દ્વારા મંજૂર પ્લાન વિરૂદ્ધ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાર્કિંગ વાળી જગ્યામાં તેમજ પાંચમાં માળે ઓપન ટેરેસ વાળી જગ્યામાં આશરે ૧૦૦૦.૦૦ ચો.ફૂટ જેટલું આર.સી.સી. સ્લેબ, બીમ તથા ચણતર કામ સહિતનું કરેલ ગેરકાયદેસર બાંધકામ અત્રેથી દૂર કરેલ છે. સદર ડીમોલીશન અન્વયે મિલ્કતદાર પાસેથી કુલ રૂા.૫૦,૦૦૦ વહીવટી ચાર્જ પેટે વસૂલ લેવામાં આવેલ છે.

૫૪ વિદ્યાર્થીઓનું ભાવિ રગદોળાયું, શિક્ષણમંત્રી બોલ્યા: 'કોર્ટનો નિર્ણય શિરોમાન્ય'

સુરત

શિક્ષણ બોર્ડની માન્યતા વિના ચાલતી અને પોલીસ ફરિયાદને કારણે વિવાદમાં ઘેરાયેલી રાંદેરની પ્રભાતતારા શાળામાં ભણતા ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડના ૫૪ વિદ્યાર્થીઓનું ભાવિ રગદોળાઇ જતા મામલો ગરમાયો હતો. ગુરૂવારે વહેલી સવારમાં વિદ્યાર્થીઓ સાથે ચેડા થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સ્કૂલમાં આવીને મોટી તોડફોડ કરી હતી. વાલીઓ અને વિદ્યાર્થીઓએ સ્કુલમાં હલ્લાબોલ કરતા પરિસ્થિતિ તંગ બની હતી.

વિદ્યાર્થીઓના વાલીઓનું કહેવું છે કે, શિક્ષણ વિભાગની બેદરકારીના કારણે અમારા વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય થઇ ગયું છે. તમને જણાવી દઇએ કે, ૨૫મી ફેબ્રુઆરીએ હોલ ટિકીટ વિદ્યાર્થીઓને મળવાની હતી. પરંતુ સ્કૂલ બોર્ડની માન્યતા વગર ધમધમતી સ્કૂલમાં વિદ્યાર્થીઓને હોલ ટિકિટ ન મળતા ૫૪ વિદ્યાર્થીઓને સમગ્ર ઘટનાની જાણ થઇ હતી. ત્યાં સુધી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ અજાણ હતા. ગુરૂવારે સ્કૂલમાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ તોડફોડ કરતા વિવાદ વકરતા સ્કૂલમાં સંચાલકોએ સ્કૂલને તાળાબંધી કરી હતી.

બીજી બાજુ રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુરતના ૫૪ વિદ્યાર્થીઓ સાથે બનેલી ઘટનાને પગલે પોતાનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, સુરતના રાંદેરની પ્રભાતતારા હિન્દી માધ્યમ સ્કૂલ અમાન્ય છે, તેના પર કેસ પણ કરવામાં આવ્યો છે. અમે કોર્ટના આદેશનું પાલન કરી રહ્યા છીએ. પરંતુ કોર્ટના નિર્ણય પ્રમાણે, હાલ સુરતના ૫૪ વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં.

તો ગુરૂવારે સુરતના આ ૫૪ વિદ્યાર્થીઓએ ડીઈઓ કચેરીની બહાર સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઇ ગઇ છે, ત્યારે આ નિર્દોષ બાળકોનું શું? સ્કૂલની ભૂલના કારણે બાળકો સાથે કેમ અન્યાય કરવામાં આવી રહ્યો છે..? શિક્ષણ મંત્રીએ પણ કોર્ટના નિર્ણયને જણાવી દીધો છે. જેથી સુરતના આ ૫૪ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં.

જૈન પરિવારમાં ટ્વિન્સ દીકરીનો જન્મ થતા વાજતે ગાજતે ગૃહ પ્રવેશ



સુરત

નાનપુરામાં રહેતા એક જૈન પરિવારમાં ટ્વિન્સ બાળકીનો જન્મ થતા પરિવારમાં આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી. ઘર આંગણે લક્ષ્મીજી પધાર્યા હોવાની ખુશીમાં પરિવારના સભ્યોએ બેન્ડબાજા અને બગીઓ દ્વારા બંને દીકરીઓનો ઘરમાં ગૃહ પ્રવેશ કરાવ્યો હતો.

સુરતના નાનપુરા વિસ્તારમાં રહેતા આશીષ જૈનની પત્ની પ્રિયમે ટ્વિન્સ દીકરીઓને જન્મ આપ્યો હતો. પ્રિયમ દીકરીઓના જન્મ બાદ પિયરમાં હતા. જયાંથી સાસરીમાં ગૃહ પ્રવેશ માટે વાજતે ગાજતે લાવવાનો નિર્ણય પરિવાર દ્વારા કરવામાં આવ્યો હતો. જૈન પરિવારના સભ્યો બંને બાળકીઓને બગીમાં બેસાડી અને ઢોલ-નગારા વગાડીને વાજતે ગાજતે ઘરે લાવ્યા હતા. આ બંને બાળકીઓને તૈયાર કરીને તેની માતા સાથે બગીમાં બેસાડીને સુરતના કતારગામ વિસ્તારમાંથી નાનપુરામાં જૈન પરિવારના ઘરે લાવવામાં આવી અને ઘરે પણ આવી જ રીતે બંને બાળકીઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

લીંબાયતમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી

સુરત

આજે સવારે ૬ વાગ્યાના સુમારે લીંબાયતમાં મમતા ટોકીઝ પાસે ઈશ્વરનગર ખાતે આવેલ ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

સવારે ૬ વાગ્યાના સુમારે લીંબાયત મમતા ટોકીઝ નજીક ઈશ્વરનગર ખાતે ભંગારના ગોડાઉનમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ ડુંભાલના ફાયર ઓફિસર સોલંકી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પ્લોટ નં. ૯૨, ૯૩ અને ૯૪માં શ્રી નિવાસ કોટાની માલિકીના ગોડાઉનમાં ભાડૂઆત મહેશવર્મા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ અને ભંગારનો જથ્થો રાખવામાંઆ વ્યો હતો. કોઈ કારણસર આગ લાગતા ગોડાઉનમાં રાખેલ તમામ પ્લાસ્ટિક વેસ્ટ અનેભંગાર અગામાં સ્વાહા થઈ ગયું હતું. આગથી કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નહતી. ફાયર સ્ટાફે સાડા આઠ વાગ્યા સુધી કુલીંગની કામગીરી કરી હતી.

નવસારી જિલ્લામાં બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં થયેલો આરંભ

નવસારી

નવસારી જિલ્લામાં ધો.૧૦ એસએસસી અને એચએસસી બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે.. નવસારી જિલ્લામાં આજે સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધીમાં ધો.૧૦ એસએસસી બોર્ડની પરીક્ષામાં નોંધાયેલા કુલ ૨૪૮૭૦ વિદ્યાર્થીઓ પૈકી કુલ ૨૪૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો આજે નવસારી જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. નવસારી જિલ્લામાં ધો.૧૦ એસએસસી બોર્ડની પરીક્ષામાં આજે ગુજરાતી વિષયની પરીક્ષામાં કુલ ૨૪૮૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આજે સવારે ૧૦.૩૦ થી નવસારી જિલ્લાના ૨૪ પરીક્ષા કેન્દ્રોની ૬૭ જેટલી શાળા બિલ્ડિંગના ૮૩૪ જેટલા બ્લોક ઉપરથી વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. પ્રથમ દિવસે જિલલામાં ગુજરાતી વિષયની પરીક્ષામાં ગુજરાતી વિષયની પ્રશ્નપત્ર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં આનંદ જોવા મળ્યો હતો. ગાંધીનગર પરીક્ષા બોર્ડની સ્કવોડ અને વર્ગખંડમાં સીસીટીવી કેમેરાની બાજનજર વચ્ચે વિદ્યાર્થીઓએ નિર્ભય બની બોર્ડની પરીક્ષા આપી હતી. પ્રથમ દિવસે કોઈ ગેરરીતિનો કેસ નવસારીમાં નોંધાયો ન હતો.

તંત્રી સ્થાનેથી...

વસ્તી વિસ્ફોટ સમસ્યા

રોકટે ગતિથી દેશની વસ્તી વધી રહી છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે વિકાસ પર માઠી અસર થઈ રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વિશાળ વસ્તીના ભરણપોષણ પર ખર્ચ થઈ જાય છે. જે ગતિથી વસ્તી વદી રહી છે તે ગંભીર સમસ્યા તરીકે છે.વસ્તીની વધતી વર્તમાન ગતિને રોકીને અથવા તો તેને સ્થિર કર્યા વગર ભારત પોતાની અનેક જટિલ સમસ્યાઓમાંથી બહાર આવી શકે તેમ નથી. ભારતમાં વર્તમાન સમયમાં અનેક સમસ્યા છે. જે પૈકી મોટી સમસ્યા ગરીબી, ભ્રષ્ટાચાર અને સુશાસનની સમસ્યા પણ છે. સાથે સાથે ધાર્મિક વિવાદો પણ એક મોટી સમસ્યા તરીકે રહી છે. આવી સ્થિતીમાં વધતી જતી વસ્તીને લઈને એટલી ચિંતા કરવાની જરૂર શુ છે તે અંગે કેટલાક લોકો પ્રશ્ન કરે છે. આ સવાલનો સીધો જવાબ એ છે કે તમામ સમસ્યા વસ્તી સાથે જોડાયેલી છે. ઝડપથી વધી રહેલી વસ્તીના કારણે તમામ પ્રકારની સુવિધા લોકો સુધી પહોંચાડી દેવાની બાબત સરળ નથી. રાષ્ટ્રીય સંશાધનો પૈકી એક મોટો હિસ્સો દેશની વસ્તીના ભરણપોષણમાં ખર્ચ થઈ જાય છે. જ્યારે આ સંશાધનોનો ઉપયોગ મુડીરોકાણ અને ઉત્પાદનને વધારી દેવામાં કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષિત પાણી જેવી મુળભુત અને જરૂરી સેવા પાછળ આ સંશાધનોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અતિ ઝડપથી વધી રહેલી વસ્તી દેશના વિકાસ પર અવિરત અને સીધી રીતે માઠી અસર કરે છે. વસ્તીની વર્તમાન ગતિને સ્થિર કરીને કેટલીક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. ભારતની વસ્તીને જોઈને દિમાગ ઘુમી જાય છે. વર્ષ ૧૯૪૭માં ભારતની વસ્તી ૩૩ કરોડ હતી. આ વસ્તી માર્ચ ૨૦૧૮માં ૧૩૫ કરોડ સુધી પહોંચી ગઈ હતી. છેલ્લા ૭૦ વર્ષના ગાળમાં ભારતની વસ્તીમાં ચાર ગણો વધારો થયો છે. દુનિયાની કુલ વસ્તીમાં હવે ભારતની હિસ્સેદાર ૧૭.૮ ટકાની આસપાસ છે. એટલે કે દુનિયામાં દરેક છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. ચીન જ એકમાત્ર એવુ દેશ છે જેમાં વસ્તી ભારત કરતા વધારે છે. ચીનની વસ્તી ભારત કરતા માત્ર સાત કરોડ જ વધારે છે. જ્યારે વર્ષ ૧૯૯૦માં ભારતની વસ્તી ૩૦.૨ કરોડ વધારે હતી. ભારતમાં વસ્તીનો વાર્ષિક વદ્ધિ દર ૨૦૧૦-૧૫માં ૧.૨૪ ટકા પ્રતિ વર્ષ રહ્યો હતો. જ્યારે આ જ અવધિમાં ચીનનો વસ્તીનો વદ્ધિ દર વાર્ષિક ૦.૬૧ ટકા રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી વિભાગના લોકો કહે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતની વસ્તી ચીન કરતા વધારે થઈ જશે. ચીન વસ્તીના મામલે પણ બીજા સ્થાને ફેંકાઈ જશે. વસ્તીના વૃદ્ધિ દરના આધાર પર મુકવામાં આવેલા અંદાજ મુજબ ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ૧૪૭.૬ કરોડથી વધારે થઈ જશે. જ્યારે ચીનની વસ્તીના સંબંધમાં અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે આ વસ્તી એ વખતે ૧૪૫.૩ કરોડ સુધી પહોંચી ગયા બાદ ઘટવાની શરૂઆત થઈ જશે. હાલના મુલ્યાંકનના આધાર પર કહી શકાય છે કે ભારતની વસ્તી વર્ષ ૨૦૩૦માં ચીન કરતા વધારે પહોંચી જશે.

હાલ વસ્તી વિસ્ફોટથી વિકાસ પર પ્રતિકુળ અસર થઈ રહી છે : વસ્તી નિયંત્રણ જરૂરી

ટ્રમ્પ-કિમ જોંગ વચ્ચે બીજી મંત્રણા ફલોપ રહેતા ખતરો અકબંધ...

કોરિયન દ્વિપ પર પરમાણુ ખતરો

ફેબ્રુઆરી મહિનાના છેલ્લા દિવસે વિયતનામના પાટનગર હનોઈમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના લીડર કિમ જોંહ ઉન વચ્ચે બીજી શિખર મંત્રણા કોઈ પણ સમજુતી અને સંયુક્ત નિવેદન વગર પૂર્ણ થઈ જતા ફરી એકવાર શાંતિ ઈચ્છતા વિશ્વના લોકોને નિરાશા હાથ લાગી છે. બીજી બાજુ કોરિયન દ્વિપ પર પરમાણુ હથિયારોનો ખતરો તોળાઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વિશ્વના દેશો કોરિયન દ્વિપને પરમાણુ હથિયારોથી મુક્ત કરવાની દિશામાં ગંભીરતાથી આગળ વધે તે જરૂરી છે. ગયા વર્ષે જુનમાં સિંગાપોર ખાતે ટ્રમ્પ અને કિમ જોંગ વચ્ચે વાતચીત થઈ હતી. જેના કારણે કોરિયન દ્વિપમાં નિશસ્ત્રીકરણની દિશામાં નવી આશા જાગી હતી. જો કે આ આશા હવે ફરી તુટી ગઈ છે. સ્વાભાવિક છે કે તમામ શાંતિ માટે ઈચ્છુક લોકોને આના કારણે નિરાશા હાથ લાગી છે. એવા લોકોને પણ ફટકો પડ્યો છે જે ઈચ્છતા હતા કે કોરિયન જનતાને પણ વર્તમાન અલગતાવાદી માહોલમાંથી બહાર કાઢવામાં આવે. આ લોકો પણ વિશ્વની મુખ્ય ધારામાં સામેલ થાય. એમ લાગે છે કે હજુ પણ બંને પક્ષોમાં વિશ્વાસનો અભાવ સ્પષ્ટપણે દેખાય છે. હનોઈ ખાતે ઉત્તર કોરિયા તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે અમેરિકા દ્વારા તેના પર મુકવામાં આવેલા તમામ પ્રતિબંધોને તરત જ દુર કરે. બીજી બાજુ અમેરિકાનુ સાફ શબ્દોમાં કહેવુ છે કે આ પહેલા કિમ જોંગ પોતાના તમામ પરમાણુ હથિયારોને સંપૂર્ણપણે નષ્ટ કરે. સાથે સાથે આના માટેના પુરાવા પણ સુપ્રત કરે. આ વખતે કિમને આશા હતી કે યોંગબ્યોન સ્થિત જુના પરમાણુ કેન્દ્રને નષ્ટ કરવાના પગલાથી ટ્રમ્પ પ્રશંસા કરશે. પરંતુ ટ્રમ્પે કોઈ પ્રશંસા કરી ન હતી. કિંમે યોંગબ્યોનના ત્રણ વર્ગ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા પરમાણુ કેન્દ્રને નષ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. સાથે સાથે આના માટેના પુરાવા પણ



કોરિયન દ્વિપને પરમાણુ હથિયારોથી મુક્ત કરવાની દિશામાં પ્રગતિ ફરી એકવાર અટકી ગઈ : શાંતિ ઈચ્છતા તમામ લોકોને આનાથી નિરાશા

રજૂ કર્યા હતા. જો કે અમેરિકા માટે આ કોઈ નવા સુચન ન હતા. ટ્રમ્પ આની વાસ્તવિકતાને લઈને સંપૂર્ણપણે વાકેફ હતા. છેલ્લી શિખર બેઠક સિંગાપોરમાં થઈ હતી.ત્યારબાદથી વૈશ્વિક સ્તર પર અનેક મોટા ઘટનાક્રમ જોવા મળ્યા હતા. દુનિયામાં અનેક રાજકીય પરિવર્તન પણ થયા હતા. ચીન અને અમેરિકા વચ્ચે જાહેરમાં વેપાર યુદ્ધ છેડાઈ ગયુ હતુ. કિમ-ટ્રમ્પ વચ્ચે મંત્રણા નિષ્ફળ રહેવા પાછળ ચીન પણ કેટલાક અંશે જવાબદાર છે. આ બાબતની શંકા તો એ વખતે જ થઈ ગઈ હતી જ્યારે હનોઈ જતા પહેલા કિમ ફરી ચીન પહોંચ્યા હતા. સ્પષ્ટ છે કે અમેરિકાની સાથે ગંભીર વિષય પર મંત્રણાને લઈને ઉત્તર કોરિયા પોતાના વિવેકથી ચાલી રહ્યુ ન હતુ. ચીન દ્વારા પણ ઉત્તર કોરિયાને સહાય કરવામાં આવી હતી. ઉત્તર કોરિયા કેટલાક અંશે ચીનના હિતોને ધ્યાનમાં લઈને પરમાણુ હથિયારોને નષ્ટ કરવાની દિશામાં આગળ વધી રહ્યુ છે. અમેરિકાના નેતૃત્વમાં ઉત્તર કોરિયા પર લાગેલા વિશ્વ સ્તરના આર્થિક પ્રતિબંધની સ્થિતીમાં તેની તમામ બાબતો ચીન પર આધારિત થઈ ગઈ હતી. તમામ આંકડા દર્શાવે છે કે ઉત્તર કોરિયાના મોટા ભાગનો કારોબાર ચીન મારફતે થાય છે.

આવી સ્થિતીમાં કિમ પણ મજબુર દેખાઈ રહ્યા છે. કોરિયન દ્વિપમાં હાલમાં જે રીતે પરમાણુ હથિયારો રહેલા છે અને વિશ્વમાં હથિયારોની જે પ્રકારની સ્પર્ધા ચાલી રહી છે તે જોતા કોરિયન દ્વિપ પર પરમાણુ ખતરો તોળાઈ રહ્યો છે. ચીન દ્વારા ક્યારેય પણ શાંતિપૂર્ણ સહ અસ્તિત્વ માટે અને વિશ્વ કલ્યાણ માટે કોઈ પગલા લીધા નથી.ટ્રમ્પ અને કિમ વચ્ચે હનોઈમાં નિષ્ફળ રહેલી વાતચીત માટે ચીનને પણ સીધી રીતે જવાબદાર ઠેરવી શકાય છે. જો આ વાતચીત નિષ્ફળ રહી છે તે તેના માટે માત્ર અમેરિકા અને ઉત્તર કોરિયા જ જવાબદાર નથી. ઉત્તર કોરિયા પાસે આજની તારીખમાં તમામ પ્રકારના ઘાતક હથિયારો રહેલા છે. સાથે સાથે કિમને એક એવા નેતા તરીકે પણ ગણવામાં આવે છે જે આવા ઘાતક હથિયારોનો ઉપયોગ કરી શકે છે. કારણ કે વિતેલા વર્ષોમાં જ્યારે ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે ખેંચતાણ વધી ગઈ હતી ત્યારે કિમે વારંવાર પરમાણુ હુમલા કરવાની ખુલ્લી ધમકી આપી હતી. એ વખતે ટ્રમ્પ અને કિમે એકબીજા માટે ખુબ ખરાબ શબ્દોનો ઉપયોગ કર્યો હતો. બંને નેતાઓની આના કારણે ટિકા પણ થઈ હતી. જો કે હનોઈ મંત્રણા નિષ્ફળ રહ્યા બાદ ફરી એકવાર સંકટના વાદળો ઘેરાઈ શકે છે. વાતચીત જારી રહે તે જરૂરી છે.

મોટી સફળતા : એચઆઈવી ઈન્ફેક્શનથી દર્દી પૂર્ણ રીતે મુક્ત...

એઈડસની સારવાર આખરે શક્ય

એઈડ્સથી ગ્રસ્ત કરોડો લોકો માટે નવી આશા જાગી : આવનાર સમયમાં વધુ સફળતા રોગના ઈલાજમાં મળવાની પૂર્ણ સંભાવના

તાજેતરમાં જ લંડનમાં રહેનાર એઈડ્સ દર્દી સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ બાદ એચઆઈવી ઈન્ફેક્શનથી સંપૂર્ણપણે મુક્ત બનતા વિશ્વમાં એક નવી આશા જાગી છે. આ જીવલેણ બિમારીની સારવાર પણ હવે શક્ય બની રહી છે. આધુનિક સમયમાં તબીબી ક્ષેત્રમાં એક પછી એક શોધ થઈ રહી છે ત્યારે આ દિશામાં વધુ એક મોટી સફળતા હાંસલ થઈ ગઈ છે. આ સમાચાર દુનિયાભરમાં એઈડ્સના કરોડો દર્દીઓ માટે એક નવી આશા સમાન છે. આશરે ૧૨ વર્ષ પહેલા પણ બર્લિનના એક દર્દી પર આ રીતે જ સારવાર કરવામાં આવી હતી. જેમા સફળતા મળ્યા બાદ આ બીજો કેસ છે જેમાં દર્દી સંપૂર્ણરીતે ઈન્ફેક્શન મુક્ત છે. અગાઉ બર્લિનમાં જે સફળતા મળી હતી તેમાં દર્દીનુ નામ ટિમોથી બ્રાઉન હતુ. તેને પણ એઈડ્સ વાયરસથી પૂર્ણ મુક્તિ મળી હતી. જો કે દુનિયાભરના વૈજ્ઞાનિકો અને એઈડ્સ સાથે સંબંધિત નિષ્ણાંત તબીબોનુ કહેવુ છે કે હજુ આ કહેવાની બાબત ખોટી હશે કે એઈડ્સની સારવાર આખરે શોધી લેવામાં આવી છે. જો કે આ રોગી પર સફળ સર્જરી કરવામાં આવ્યા બાદ આ દિશામાં એઈડ્સ વાયરસની સારવાર કરવામાં આ કેસ પ્રેરણારૂપ બની જશે. વર્ષ ૧૯૮૭માં એઈડ્સના પ્રથમ કેસ ભારતમાં સપાટી પર આવ્યા બાદ હજુ સુધી એઈડ્સના કારણે ૩.૫ કરોડ લોકો જાન ગુમાવી ચુક્યા છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એઈડ્સના આશરે ૩.૭ કરોડ દર્દીઓ રહેલા છે. આ દર્દીઓ પૈકી આશરે ૧૮ લાખ દર્દીઓ તો ૧૫ વર્ષથી પણ નીચેના છે. જે આફ્રિકા મહાદ્વિપના પેટા ખંડમાં રહે છે. એકલા ભારતમાં વર્ષ ૨૦૧૫માં ૨૧ લાખ લોકોને એઈડ્સની બિમારી હતી. લંડનના આ દર્દીનુ નામ હાલમાં જાહેર કરવામાં આવ્યુ નથી. જો કે વર્ષ ૨૦૦૭માં પણ જર્મનીના દર્દી પર આ રીતે સારવાર કરવામાં આવી હતી. આ સારવાર સફળ સાબિત થઈ હતી. જર્મનીના દર્દી પર સફળ પ્રયોગ કરવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકો અને તબીબો આને ફરી દોહરાવવા માટેના પ્રયાસમાં હતા. લંડનના આ દર્દી સ્વસ્થ થઈ ગયા બાદ સારવાર દરમિયાન જે તથ્ય આવ્યા છે જે જાહેર થઈ ચુક્યા છે. બંને દર્દીના ઈલાજમાં સમાનતા જોવા મળે છે. બંને મરીજોને કેન્સર થયુ હતુ. જે એઈડ્સમાં સામાન્ય છે. આ બંને દર્દીઓ પર કેન્સરની સારવાર દરમિયાન બોન મેરો ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા અજમાવવામાં આવી હતી. સ્ટેમ શેલ અમારા શરીરમાં એવી ખાસ કોશિકા તરીકે છે. જેમાં શરીરની જુદી જુદી કોશિકામાં વિકસિત હોવાની ક્ષમતા હોય છે. આ બોન મેરો ખુબ ઉપયોગી સાબિત થાય છે. ટિમોથી બ્રાઉનને જે વ્યક્તિએ બોનમેરો ડોનેટ કરવાની જાહેરાત કરવામાં આવી છે તેના શરીરમાં એક ખાસ પ્રકારની તકલીફ હતી. આ તકલીફ તેના શ્વેત રક્ત કોશિકા અથવા તો વ્હાઈટ બ્લડ સેલના કારણે તેની સપાટી પર રિસેપ્ટર મોલિક્યુલ જીનમાં હતી. આના કારણે તેને નુકસાન નહીં બલ્કે ફાયદો થયો હતો. એચઆઈવી વાયરસ વ્હાઈટ બ્લડ શેલ પર હુમલો કરવા માટે સીસીઆર પાંચમાં જાય છે. જો કે તકલીફના કારણે આવુ કરવામાં સફળ રહેતા નથી. બોન મેરો

ટ્રાન્સપ્લાન્ટ બાદ ટિમોથી બ્રાઉન અને લંડનના દર્દીને ગ્રાફ્ટ વર્સેજ હોસ્ટ બિમારી થઈ ગઈ હતી. આમાં નવા બોનમેરો દર્દીની અંદર શરીરને દુશ્મન સમજીને તેની કોશિકા સામે લડવા માટે કામ કરે છે. આ સ્થિતી લંડનના દર્દી સાથે પણ થઈ હતી. પ્રયોગ પર નજર રાખનાર લોકોનુ કહેવુ છે કે આ બાબત શક્ય છે કે ગ્રાફ્ટ વર્સેજ હોસ્ટ બિમારીના કારણે એઈડ્સ વાયરસને ખતમ કરવામાં સફળતા મેળવી છે. જો કે આનુવાંશિક તકલીફ ખુબ દુર્લભ હોય છે.

એઈડ્સને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે પુરુષો માટે નવા ગર્ભનિરોધક ખૂબ જ અસરકારક સાબિત થશે. તેમનું કહેવું છે કે અલ્ટ્રા સાઉન્ડમાં એક હિસ્સો ઉંદરોના અંડકોસમાં શુક્રાણુઓના ઉત્પાદનને બંધ કરવામાં મદદરૂપ થાય છે. બ્રિટનમાં એક જાણીતા મેગેઝિનમાં રિપ્રોડક્શન બાયોલોજી એન્ડ ઈન્ડોક્રોનોલોજીમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે યુનિવર્સિટી ઓફ કેરોલિનાના સંશોધકોએ પોતાના અભ્યાસમાં કહ્યું છે કે ધ્વની તરંગોના ઉપયોગ કરીને શુક્રાણુઓની સંખ્યાના એક સ્તરને ઘટાડી શકાય છે જેનાથી પુરુષોમાં બંધનની સ્થિતિ સર્જાશે.

વધુ ઉંઘ : આ કારણો હોઈ શકે

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વલસાડ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા ચૂંટણી દરમિયાન કરવાની થતી કામગરીની તાલીમો આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે વલસાડ કલેક્ટરાલય ખાતે વિવિધ નોડલ અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ, ફલાઇંગ સ્કવોડ સહિત વિવિધ અમલીકરણ અધિકારીઓ/કર્મચારીઓની તાલીમનું આયોજન કરાયું હતું. વલસાડ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સી.આર.ખરસાણે તાલીમ સંદર્ભે રીવ્યૂ બેઠક યોજી હતી. ચૂંટણી કાર્યક્રમ જાહેર થાય ત્યારથી જિલ્લામાં આદર્શ આચારસંહિતાની અમલવારી થાય તે જોવા તેમજ ચૂંટણી દરમિયાન કરવાની થતી કામગીરી માટે આગમચેતી રાખવા જણાવ્યું હતું. ડિસ્ટ્રિકટ કોન્ટેકસ સેન્ટરમાં ફરિયાદ મળ્યે સમયમર્યાદામાં તેનો નિકાલ કરવા સૂચના આપી હતી.

આ અવસરે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કે.આર.પટેલે લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થાય તે દિવસથી તમામ નોડલ અધિકારીઓએ તેમને લગતા રીપોર્ટ સમયસર પહોંચાડવા તેમજ ચૂંટણી માટે જરૂરી વાહન અને સ્ટાફનો ડેટાબેઝ તેમજ ચૂંટણીને લગતા તમામ પરિપત્રો અને આદેશો અપડેટ કરી હાથવગા રાખવા જણાવ્યું હતું.

આ તાલીમમાં આદર્શ આચારસંહિતા, સ્વીપ, વાહન વ્યવસ્થા, મતદાન સ્ટાફ, હેલ્પલાઇન અને ફરિયાદ સહિત ચૂંટણીલક્ષી વિવિધ પ્રકારની કામગીરી બાબતે સંબંધિત નોડલ અધિકારીઓ દ્વારા તાલીમ પ્રેઝન્ટેશન તેમજ પ્રત્યક્ષ નિદર્શન થકી આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન વિવિધ વિભાગોના નોડલ અધિકારીઓ, ચૂંટણી મામલતદાર કૃતિકા એ. વસાવા સહિત ચૂંટણી ફરજ સોંપાયેલી હોય તેવા અધિકારીઓ/કર્મચારીઓ હાજર રહ્યા હતા.

૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

મહિલાઓને ૧૮૧ અને અભયમ મહિલા હેલ્પલાઇનનો અતૂલ્ય સહયોગ



વલસાડ

મહિલાઓને ઘરેલુ હિંસા, બચાવ, સલાહ અને માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગૃહ વિભાગ, રાજય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંચાલિત ૧૮૧ મહિલા હેલ્પલાઇનનું સમગ્ર રાજયમાં અમલીકરણ થઇ રહયું છે.

GVK EMRI ના ચીફ ઓપરેટીંગ અધિકારી જણાવે છે કે, ૧૮૧, અભયમ્ મહિલા હેલ્પલાઇન મહિલા સશકિતકરણના રૂપમાં ખૂબ અગત્યનો ભાગ ભજવી રહી છે. મહિલાઓને કટોકટીના સમયે તાત્કાલિક પ્રતિસાદ આપી તેમની મૂંઝવણ અને મુશ્કેલીના સમયે એક સ્વજનની જેમ સાથે રહી વિશ્વાસ સંપાદન કર્યો છે. ૧૮૧ મહિલા હેલ્પલાઇન ૮મી માર્ચ ૨૦૧૫ થી શરૂઆત કરી હતી અને ચાર જ વર્ષના ટૂંકા ગાળામાં પાંચ લાખ કરતા વધુ મહિલાઓને સલાહ, બચાવ અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું છે. ઉપરાંત એક લાખ કરતાં વધુ મહિલાઓને રેસ્કયુવાન દ્વારા સ્થળ ઉપર જઇ મદદ, માર્ગદર્શન અને બચાવ કરવામાં આવ્યો છે.

૧૮૧ મહિલા હેલ્પલાઇન મોબાઇલ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોર તેમજ એપ સ્ટોર IOS ઉપર પણ ઉપલબ્ધ છે. તેના કારણે ઘટનાના સમયે કોલ કરનાર મહિલાનું ચોકકસ સ્થળ મળી રહે છે. આ એપ્લીકેશન દ્વારા ઘટનાના ફોટોગ્રાફસ, વિડીયો પણ અપલોડ કરી શકાય છે. માહિતી આપી શકાય ન હોય તેવા સમયે પેનીક બટનની સુવિધા પણ આપવામાં આવી છે. જેના મારફતે પાંચ જેટલા વ્યકિતઓને એસએમએસ પહોંચાડી શકાય છે. ખૂબ જ ટૂંકાગાળામાં એન્ડ્રોઇડ થી ૪૮૦૩૩ અને આઇઓએસથી ૩૮૪૩ મળી કુલ ૫૧૮૩૬ એપ ડાઉનલોડ કરાઇ છે.

સ્વચ્છતાને જીવનનો અભિન્ના અંગ બનાવીએ - પંકજકુમાર દેસાઇ



નડિયાદ

રાષ્ટ્રાપિતા પૂજય મહાત્મા– ગાંધીજીની ૧૫૦ની જન્મર જયંતિની ઉજવણી સમગ્ર રાષ્ટ્ર કરી રહયું છે, ત્યાવરે પૂ.બાપુના સ્વનચ્છજતાના સંદેશાને અનુસરી તેને જીવનનો અભિન્નસ અંગ બનાવીએ તેમ નડિયાદ ઇપ્કો વાલા હોલ ખાતે નડિયાદ નગરપાલિકા દ્વારા યોજાયેલ વિનામૂલ્યેવ ડસ્ટછબીન વિતરણ સમારોહમાં વિધાનસભાના મુખ્યલ દંડકશ્રી પંકજકુમાર દેસાઇએ જણાવ્યું હતું.

સ્વાચ્છલ સર્વેક્ષણ-૨૦૧૮ અંતર્ગત સૂકો અને ભીનો કચરો અલગ રાખી શકીએ અને આપણા ઘરે ડોર ટુ ડોર કલેકશન માટે આવતા કર્મચારીઓને સરળતા રહે તે હેતુસર નડિયાદ નગરપાલિકા દ્વારા સૂકા અને ભીના કચરા જૂદા જુદા રાખવા માટે ૧૦ લીટરના લીલા અને ભૂરા કલરના ડસ્ટકબીન મુખ્યભ દંડકશ્રી પંકજકુમાર દેસાઇના હસ્તે વિનામૂલ્યેર નાગરિકોને વિતરીત કરવામાં આવ્યૂ હતા. અત્રે ઉલ્લેકખનીય છે કે, નડિયાદ નગર પાલિકા દ્વારા આગામી દિવસોમાં ૪૦,૦૦૦ જેટલા ઘરોમાં કુલ ૮૦,૦૦૦ જેટલા ડસ્ટદબીન નું વિતરણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી ગરવાલ, નડિયાદ નગરપાલિકાના સદસ્યોટ અને મોટી સંખ્યાયમાં નગરજનો ઉપસ્થિ ત રહયા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા મહિલા દિવસની ઉજવણી

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં નારી જગતની જાગૃતિ, એકતા અને સંગઠનની ભાવનાની જ્યોત પ્રબળ બને તે હેતુથી તા.૮-૩-૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે પરફોર્મિંગ આર્ટ સેન્ટર, અડાજણ સુરત ખાતે મહિલા સાંસદ, ધારાસભ્ય, મહિલા મ્યુ. સદસયો, અગ્રગણ્ય, પ્રતિષ્ઠિત મહિલાઓ, સમાજના વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર મહિલા, મહિલા પત્રકારો, મહાનગરપાલિકાના મહિલા અધિકારી તથા કર્મચારી વગેરેના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે શહેરના નગરજનોને ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે.

Charak Health Centre SINCE 1947
ચરક આયુર્વેદિક-પંચકર્મ સેન્ટર
હવેથી ભરૂચમાં
વા-સાંધાના રોગો
ઘુંટણ, ગરદન, કમર, મણકાનો
દુખાવો-ઘસારો, સોજો
ઓપરેશન?
ચરક આયુર્વેદિક છે ને ! તે તમારા સ્નાયુઓને મજબુત કરશે
તમે ફરી વખત આરામ થી ફરી-ફરી શકશો.
M:9377410261
હંમેશ માટે વજન ઘટાડો
શેક-પાવડર વગર / કોઈ આડઅસર વગર
પેટ, કમર, HIPS-THIGHS ની ચરબી ઘટાડો

સેલ... મોતીવાલા સેલ...
એન્ટીક સેટ માં 50% ડિસ્કાઉન્ટ
૧ ગ્રામ ગાભાના સેટ + મંગલસુત્ર 25% ડિસ્કાઉન્ટ
ગોલ્ડન મંગલસુત્ર, અમેરીકન-ડાયમંડ ડોકીયા.....ફકત રૂા.....50
અમેરીકન-ડાયમંડ મંગલસુત્ર બુટ્ટી સાથે.....ફકત રૂા.....150
1 નંગ બુટ્ટી નાની મોટી બધી સાઇઝ બધા કલર...ફકત રૂા.....50
બગસરાની પાટડી જીક-જેક બંગડી.....ફકત રૂા.....100
લાલ+લીલી ચુડી + પાટલાનો સેટ.....ફકત રૂા.....120
હાથપાન, મંગળસુત્ર કંઠી +પાંચ લાઇન મોતીનો સેટ.ફકત રૂા.....100
વેણીની બંગડી.....ફકત રૂા.....100
અમેરીકન - ડાયમંડના પાટલા અને સળંગ બંગડી.....ફકત રૂા...180
સીલ્વર - ગોલ્ડન ડાયમંડ પાયલ ૧ લાઇન+મોતીનો 3 લાઇન સેટ.ફકત રૂા...50
પાનેતર પાટલા, લાલ, મરૂન, લીલા, બ્લુ, વ્હાઇટ.....ફકત રૂા.....120
શેરવાની ઉપર પહેરવાની માળા.....ફકત રૂા.....200
જુના દાગીનાને ચાંદી + સોનાનું ગીલીટ કરનાર
અમારી અસલ સ્કીમ ફરીથી ટુંક સમય માટે
૧ સેટના રૂા.૧૦૦ અને 3 સેટ રૂા.~~૩૦૦~~ રૂા.૨૫૦
જોવા જરૂરથી પધારો. ખોટા દાગીનાની સાચી દુકાન
મોતીવાલા જવેલર્સ
૪, પ્રમુખસ્વામી કોમ્પલેક્ષ, સોનેરી મહેલનો ઢોળાવ, પાંચબત્તી, ભરૂચ

Holi Adventure Camp
WITH DYNAMIC FACULTY BHAVINI THAKER
શું આપના બાળકોની એકાગ્રતા અને આત્મવિશ્વાસમાં વધારો કરવા ઇચ્છો છો ?
શું આપના બાળકોનો ગુસ્સો, શરમ, ડીપ્રેશન,નેગેટીવ વિચારો ઘટાડવા માંગો છો ?
શું આપના બાળકોનો શારીરિક, માનસિક,ભાવનાત્મક સ્તર પર મજબૂત બનાવવા ઇચ્છો છો ?
શું આપ ઇચ્છો છો કે બાળકોમાં સંબંધોની યોગ્ય સમજણની સાથે આધ્યાત્મિકતા વિકાસ થાય ?
LIMITED SEATS
Fun & Fun
DATE 21st to 24th March
VENUE : VRAJBHOOMI INT. SCHOOL. N.H.NO.8, NR. BAL AMUL MOGAR, ANAND
CONTACT : 70165 00963-96879 56136-81289 96069

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830, 97272 56004

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઐઠોર ઔધોગિક વસાહતનું લોકાર્પણ કરાયું





રાજ્યમાં ખેતી અને ઔધોગિક ક્ષેત્રે સમતોલ વિકાસ થઈ રહ્યો છે-નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ

૩.૪૯૩.૯૭ લાખના ખર્ચે નિર્મિત દાસજથી રણછોડપુરા બિર્જનું લોકાર્પણ કરાયું

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ દ્વારા ઉંઝા તાલુકામાં ઐઠોર ખાતે ઔધોગિક વસાહતના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં ઔધોગિક ક્ષેત્રે રાષ્ટ્ર વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. રાજ્યમાં નાના-નાના ગામમાં ઔધોગિક વસાહતના નિર્માણથી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થયું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ઔધોગિક વિકાસ નિગમ દ્વારા બહુમાળી શેડ,મહિલા ઔધોગિક પાર્ક,એપરલ પાર્ક સહિતના નવીન પાર્કોના નિર્માણથી ઉધોગનો વિકાસ થયો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ઔધોગિક નિતીના પગલે રાજયમાં રોજગારીનું સર્જન થયું છે.૪૭ હેકટરમાં ઐઠોર ખાતે વસાહતના નિર્માણ થકી સૂક્ષ્મ અને લઘુ ઉધોગકારોને રાહતદરે પ્લોટ મળનાર છે.તેમણે ઉમેર્યું હતું કે વાયબ્રન્ટ ગુજરાતમાં રૂ.૧,૬૬,૦૦૦ કરોડનું મુડી રોકાણ થયું છે જેનાથી સીધી અને પુરક રોજગારી પ્રાપ્ત થનાર છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજયનું અર્થતંત્ર ખેતી અને ઉધોગ પર આધારીત છે. જેથી આ બન્નેનો સમતોલ વિકાસ થાય તે દિશામાં સરકાર કટિબધ્ધ બની છે.રાજ્યમાં માળખાકીય સુવિધાઓમાં વધારો થવાથી વિકાસની ગતિ તેજ બની છે તેમ જણાવી મહેસાણા-પાલનપુર રસ્તો છ માર્ગીય બનવાનો છે અને ઉંઝા ખેડુત સર્કલ પર બ્રિજ બનનાર છે જેનાથી ટ્રાફિકની સમસ્યા હલ થશે તેમ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રૂ.૪૯૩.૯૭ લાખના ખર્ચે દાસજથી રણછોડપુરા ખાતે વિસનગરને જોડતા રસ્તા પર નવીન બ્રિજનું લોકાર્પણ કરાયું છે. આ બ્રિજ થકી ચોમાસાની ઋતુમાં રસ્તો ચાલુ રહેવાથી લોકોને રાહત મળશે.

ઔધોગિક વિકાસ નિગમના ચેરમેન બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ઐઠોર ખાતે ૨૭૮ પ્લોટ માટે ૧૩૦૦ અરજીઓ આવી છે.પ્લોટ ફાળવવાની પ્રક્રિયા પારદર્શક રીતે થઈ રહી છે.ગુજરાત ઔધોગિક ક્ષેત્રે વિકાસ મોડલ તરીકે ઉભરી રહ્યું છે અને રાજય રોજગારીનુ સર્જન કરવા અગ્રેસર રહ્યું છે.

કાર્યક્રમમાં સાસંદશ્રી જયશ્રીબહેન પટેલે ,ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ડાયરેકટર હિમ્મતભાઈ પડસાળા,પુર્વ ધારાસભ્ય આશાબેન પટેલ, ઔધોગિક વિકાસ નિગમના એમ.ડી ડી.થારા,જિલ્લા કલેકટર એચ.કે પટેલ,જિલ્લા વિકાસ અધિકારી એમ .વાય.દક્ષિણી, સહિત જિલ્લાના અધિકારીઓ, નિગમના અધિકારીઓ, પદાધિકારીઓ, સરપંચશ્રી સહિત અગ્રણી ઓ,ઔધોગિક સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા

ખેડા જિલ્લા કક્ષાનો લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૮ માર્ચના રોજ યોજાશે

લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા કલેક્ટરશ્રી, ખેડા-નડિયાદની અધ્યક્ષતામાં યોજાશે

નડિયાદ

ખેડા જિલ્લાનો જિલ્લા કક્ષાનો લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮-૦૩-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારના ૧૦.૩૦ કલાકે કલેકટરશ્રી, ખેડા- નડીયાદના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરી, મિટીંગ હોલ, નડિયાદ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ આગામી તા.૧૦/૦૩/૨૦૧૯ સુધીમાં કલેકટર કચેરી ખાતે ત્રણ નકલમાં સુવાચ્ય અક્ષરોમાં અને એ-૪ કાગળ ઉપર કરવાની રહેશે.

તા.૧૦/૦૩/૨૦૧૯ પછીથી મળેલ અરજીઓ લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં લેવામાં આવશે નહી. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ, બીજાનો પ્રશ્ન રજુ કરવાનો નથી, તેમજ એક વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજી સાથે આધાર-પુરાવા સહિત જે તે કચેરીને કરેલ રજુઆતના જ પડતર પ્રશ્ન લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં લેવામાં આવશે. અરજદારે અરજીના મથાળે ''લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમ'' ખાસ લખવાનું રહેશે. તેમજ અરજીમાં પોતાનો ટેલીફોન નંબર હોય તો તે પણ દર્શાવી શકશે. પોસ્ટકાર્ડ કે આંતરદેશીય પત્રો વિગેરે ઉપર અરજી કરવાની નથી.

આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે.(મનાઈ હુકમ), અપીલો, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરી અને પ્રથમ વખતની અરજીને લગતી બાબતો વિગેરેનો સમાવેશ કરવામાં આવશે નહી. લોક ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં કોઈપણ અરજદારે એકથી વધુ પ્રશ્નો પુછવાના નથી તેમજ અગાઉ લેવાયેલ પ્રશ્નો પુનઃ મોકલવાના નથી. જેની ખાસ નોધ લેવા વિનંતી છે, તેમ જિલ્લા કલેકટરશ્રી, ખેડા-નડિયાદની યાદીમાં જણાવાયું છે.

ખેડા જિલ્લા માં તા.૨૭ માર્ચના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અરજદારે પોતાની અરજી તા.૧૦ માર્ચ સુધીમાં જે તે મામલતદાર કચેરી ખાતે મોકલી આપવાની રહેશે

નડિયાદ

ખેડા જિલ્લાછમાં તાલુકા કક્ષાએ ''તાલુકા સ્વાશગત'' કાર્યક્રમ આગામી તા.૨૭-૦૩-૨૦૧૯ને બુધવારના રોજ સવારના ૧૦.૧૫ કલાકે તમામ મામલતદાર કચેરી ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા.૧૦-૦૩-૨૦૧૯ સુધીમાં જે તે મામલતદાર કચેરી, નડિયાદ (શહેર), નડિયાદ (ગ્રામ્યલ), મહુધા, કઠલાલ, કપડવંજ, મહેમદાવાદ, ખેડા, માતર, ઠાસરા,વસો અને ગળતેશ્વરની કચેરીઓમાં ત્રણ નકલમાં સુવાચ્યન અક્ષરોમાં, ફુલ સ્કેપ કાગળ ઉપર કરવાની રહેશે.

અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજૂ કરવાનો નથી તેમજ એક જ વિષયની અરજી સ્વિાકારવામાં આવશે. અરજી સાથે આધાર પુરાવા સહિત જે તે કચેરીને કરેલ રજૂઆતના જ પડતર પ્રશ્ન તાલુકા સ્વોગત કાર્યક્રમમાં લેવામાં આવશે. અરજદારે અરજીના મથાળે ''તાલુકા સ્વોગત કાર્યક્રમ'' ખાસ લખવાનું રહેશે. તેમજ અરજીમાં પોતાનો ટેલીફોન નંબર હોય તો તે પણ દર્શાવી શકશે. પોસ્ટ'કાર્ડ કે આંતરદેશીય પત્રો વિગેરે ઉપર અરજી કરી શકાશે નહી. તાલુકા સ્વાફગત કાર્યક્રમમાં કોઈપણ અરજદારે એકથી વધુ પ્રશ્નો પુછી શકાશે નહી તેમજ અગાઉ લેવાયેલ પ્રશ્નો પુનઃ મોકલી શકાશે નહી, જેની ખાસ નોધ લેવા વિનંતી છે.

આ કાર્યક્રમમાં ન્યાતયીક તુલ્યવ બાબતો, કોર્ટ મેટર, સ્ટેત.(મનાઈ હુકમ), અપીલો, આકરણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શ્ન, રહેમરાહે નોકરી અને પ્રથમ વખતની અરજીને લગતી બાબતો વિગેરેનો સમાવેશ કરવામાં આવશે નહી, તેમ જિલ્લાો કલેકટરશ્રી, ખેડા-નડિયાદની યાદીમાં જણાવાયું છે.

વિવિધ ક્ષેત્રોમાં લોન માટેની રકમ નક્કી કરાઈ

ભરૂચની બેંકોનું રૂ.૩૯૮૪.૩૬ કરોડનો ક્રેડિટ પ્લાન મંજૂર કરાયો

કલેકટરશ્રીના હસ્તે પ્લાનનું વિમોચન કરાયું

ભરૂચ

ભરૂચ જિલ્લાના ક્રેડિટ પ્લાન ૨૦૧૯-૨૦નું વિમોચન જિલ્લા કલેક્ટર શ્રી રવિકુમાર અરોરા, ભરૂચના ડેપ્યુટી જનરલ મેનેજર ક્ષેત્રિય પ્રબંધક બેન્ક ઓફ બરોડાના શ્રી શુશાંતકુમાર મોહંતી, ડીડીએમ નાબાર્ડ શ્રી સંજીવકુમાર અગ્રવાલ, રિઝર્વ બંક ઓફ ઈન્ડિયા - અમદાવાદના શ્રી એમ. જે. મોદી તથા લીડ ડિસ્ટ્રક્ટ મેનેજર બેન્ક ઓફ બરોડાના શ્રી કિશોર એસ. સોલંકીના વરદ હસ્તે કરવામાં આવ્યો.

ભરૂચ જિલ્લાની લીડ બેન્ક, બેન્ક ઓફ બરોડા દ્વારા રૂ.૩૯૮૪.૩૬ કરોડનો ક્રેડિટ પ્લાન મંજૂર કરવામાં આવ્યો છે. આ પ્લાન અંતર્ગત વિવિધ ક્ષેત્રમાં લોન માટેની રકમ નક્કી કરવામાં આવી છે.

જિલ્લાની ૩૯ બેન્કો દ્વારા ક્રેડિટ પ્લાનમાં મુખ્યત્વે પ્રાથમિકતા પ્રાપ્ત ક્ષેત્ર જેમાં ખેતી માટે રૂ. ૩૦૩૯.૦૧ કરોડ, નાના ઉધોગો માટે રૂ.૬૭૯.૩૬ કરોડ તથા અન્ય પ્રાથમિક ક્ષેત્ર જેમાં હાઉસિંગ લોન, શિક્ષણ લોન માટે રૂ. ૨૬૫.૯૯ કરોડનો લક્ષ્યાંક રાખવામા આવ્યો છે.

બેન્ક ઓફ બરોડાને રૂ.૭૬૬ કરોડ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને રૂ.૪૭૨ કરોડ, ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેન્ક ને રૂ.૭૩૬.૦૧ કરોડ, બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક ને રૂ. ૪૦૭.૫૦ કરોડ, તેમજ ખાનગી બેન્કોને રૂ.૧૬૦૨.૮૫ કરોડનો લક્ષ્યાંક ફાળવેલ છે.

આમોદ તાલુકાને રૂ.૨૯૫ કરોડ, અંકલેશ્વર તાલુકાને રૂ.૭૮૭ કરોડ, ભરૂચ તાલુકાને રૂ.૧૦૫૬ કરોડ, હાંસોટ તાલુકાને રૂ.૧૪૭ કરોડ, જંબુસર તાલુકાને રૂ.૩૦૯ કરોડ, ઝગડિયા તાલુકાને રૂ.૩૧૭ કરોડ, વાગરા તાલુકાને રૂ.૪૪૮ કરોડ, વાલિયા તાલુકાને રૂ.૪૩૩ કરોડ તેમજ નેત્રંગ તાલુકાને રૂ.૧૮૮ કરોડનો લક્ષ્યાંક ફાળવેલ છે.

આજથી બાલચોંઢીના આમ્રવન ખાતે બામ્બુકાફટ સહિત વિવિધ ચીજવસ્તુનું આઉટલેટ શરૂ કરાશે

વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા નજીક આવેલા બાલચોંઢી ગામે વન વિભાગ દ્વારા આમ્રવન બનાવાયું છે. આ આમ્રવન ખાતે તા.૮મી માર્ચ વિશ્વ મહિલા દિન ઉજવણી અંતર્ગત વન વિભાગના સહયોગથી ઉત્કર્ષ મહિલા એસોસીએશન સંચાલિત ધ્રુવિ ઉત્કર્ષ ગ્રૂપ-ચીવલની બહેનો દ્વારા ઉત્પાદિત બામ્બુ ક્રાફટ તેમજ અન્ય મહિલા ગ્રૂપો દ્વારા બનાવાયેલી અગરબત્તી, પાપડ, હેન્ડીક્રાફટની આઈટમો તેમજ મધનું વેચાણ ધરાવતું આઉટલેટ શરૂ કરવામાં આવનાર છે. જેનું ઉદ્ઘાટન તા.૮/૩/૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે નાયબ વન સંરક્ષક એસ. વી. કેદારીયાના હસ્તે કરવામાં આવશે. જે અહીં આવતા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર થવાની સાથે આદિજાતિ વિસ્તારની બહેનોએ બનાવેલા સેલ્ફ હેલ્પ ગ્રૂપો માટે આવકનું સાધન બની રહશે. આ અવસરે સૌને ઉપસ્થિત રહી મહિલાઓને પ્રોત્સાહિત કરવા ઉત્કર્ષ મહિલા એસો.ના પ્રમુખ વૈશાલી પ્રજાપતિ દ્વારા અનુરોધ કરાયો છે.

પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમિટિની બેઠક મળી

વલસાડ

વલસાડ જિલ્લામાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અન્વયે જિલ્લા એડવાઈઝરી કમિટિની બેઠક જિલ્લા એડવાઈઝરી કમિટિના ચેરપર્સન સરલાબેન પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે મળી હતી. આ બેઠકમાં નવા રજિસ્ટ્રેશન માટે આવેલી ૨ અને રીન્યુઅલ માટેની ૩ અરજીની ચકાસણી કરવામાં આવી હતી. બિન ઉપયોગી સોનોગ્રાફી મશીનોના નિકાલ માટે લેવાયેલા એકશન પ્લાન અંગે પણ ચર્ચા વિચારણા કરાઈ હતી. બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડાૅ.અનિલ પટેલ, સબ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને તાલુકા નાયબ હેલ્થ ઓફિસરો હાજર રહયા હતા.

વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

સુરત

મહિધરપુરા પોલીસે દારૂના જથ્થા સાથે પાંડેસરાના બુટલેગરની ધરપકડ કરી હતી.

મહિધરપુરા પોલીસે બાતમીના આધારે અમીષા ચાર રસ્તા પાસેથી બુટલેગર ગણપત શંભુ પટેલ રહે. અરૂણ ઉદય સોસાયટી પાંડેસરાની ધરપકડ કરી બ્રાન્ડેડ કંપનીની દારૂની ૨૪ બોટલ કિંમત રૂા.૨૬૧૬૦ની કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું છે.

પુખ્ત વયની અપરિણીત દિકરી પિતા પાસે ભરણ પોષણ માટે હકદાર છે

ત્રણ સંતાનોને માસિક રૂા.૨૫૦૦-૨૫૦૦ ચૂકવવા કોર્ટનો હુકમ

સુરત

ભટાર ખાતે રહેતી પરિણીતાની બે પુખ્તવયની બે પુત્રીઓને ભરણ પોષમ પેટે ૨૫૦૦-૨૫૦૦ તથા એક સગીર પુત્રને ૨૫૦૦ માસિક ચૂકવવાનો ટ્રાયલ કોર્ટે હુકમ કર્યો હતો. અરજદાર અંજનાબેન ભરખડા તરફે એડવોકેટ પ્રિતિબેન જોષીએ દલીલો કરી હતી.

આ કેસની વિગતો એવી છે કે, ભટાર ખાતે અંજનાબેન ભરખડા રહે છે. તેમના લગ્ન ૧૯મી મે ૧૯૯૪માં સુરત ખાતે થયા હતા. લગ્ ન બાદ તેઓને સંતાનમાં બે પુત્રીઓ તથા એક પુત્ર છે. હાલમાં બે પુત્રીઓ પૈકી મોટી પુત્રી ૨૨ તથા નાની પુત્રી ૨૦ અને પુત્રની ઉંમર ૧૫ વર્ષની છે. રાજેશ ભરખડા અને તેની પત્ની અંજનાબેન ભરખડા વચ્ચે વારંવાર ઝઘડાઓ થયા કરતા. નાની નાની બાબતોમાં થઈ રહેલા ઝઘડાથી કંટાળી ગયેલી પત્ની અંજનાબેન પોતાના ત્રણેય સંતાનોને લઈને પિયરમાં આવી ગયા હતા. જ્યાં તેમણે એડવોકેટ પ્રિતિબેન જોષી દ્વારા ભરણ પોષણ માટેની એક અરજી કરી હતી. જે અરજીની સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટે ત્રણેય સંતાનોને ૨૫૦૦-૨૫૦૦ રૂપિયા દર મહિને ભરણ પોષણ પેટે ચૂકવી આપવાનો રાજેશ ભરખડાને હુકમ કર્યો હતો. અદાલતે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, અપરિણીત પુખ્ત પુત્રીઓ પણ તેના પિતા પાસે ભરણ પોષણ મેળવવા હક્કદાર છે.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા પલ્સ પોલિયો ઝુંબેશ

તા.૧૦ થી તા.૧૩મી સુધી બાળકોને રસી પીવડાવાશે

સુરત

ભારત સરકારના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ''નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે'' અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો રાઉન્ડ તા.૧૦-૩-૨૦૧૯ થી તા.૧૩-૩-૨૦૧૯ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦-૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નક્કી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનાં અમલીકરણ માટે આરોગ્ય સમિતિના અધ્યક્ષ દિગ્વિજયસિંહ બારડના અધ્યક્ષ સ્થાને તા.૬-૩-૨૦૧૯ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતિ ખંડમાં સ્ટીયરિંગ કમિટિની મીટિંગ રાખવામાં આવેલી હતી. જેમાં નાયબ આરોગ્ય અધિકારી ડૉ. મહેન્દ્ર પટેલ, ડીન સ્મીમેર ડૉ. કલ્પનાબેન દેસાઈ, ઈ.ચા. મેડીકલ સુપ્રિટેન્ડન્ટ, ડૉ. વંદના દેસાઈ, સર્વેલન્સ મેડીકલ ઓફિસર, ડૉ. ચિરાગ વાલીયા, તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી જિલલા પંચાયત સુરત, ડૉ. લખાણી, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ પી.એસ.એમ. વિભાગના પ્રતિનિધિ, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ પીડીયાટ્રીક વિભાગના પ્રતિનિધિ આસી. પ્રોફેસર, આઈસીડીએસ વિભાગના પ્રોજેક્ટ ઓફિસર અને સીડીપીઓ, શિક્ષણ સમિતિના પ્રતિનિધિ તેમજ એનજીઓમાં ગુજરાત ગેસ, બીએસએનએલ અને રોટરી ક્લબના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

પ્રારંભે નાયબ આરોગ્ય અધિકારી ડૉ. મહેન્દ્ર પટેલે આમંત્રિતોનું સવાગત કર્યું હતુ તથા કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી પ્રેઝન્ટેશન દ્વારા આપી જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ હેઠળ ૪૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ૩૧૩૮ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી તથા પલ્સ પોલિયો કાર્યક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી. સને ૧૯૯૫ થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામના ૭૦ તથા માઈગ્રેટેડ પોપ્યુલેશન ધરાવતા વિસ્તારમાં ૪૫ રાઉન્ડ મળી કુલ ૧૧૫ રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦-૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે. આ રાઉન્ડમાં પણ ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

રાજપીપળા સિંધીવાડના મુસ્લિમ યુવાને માંગરોલની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મની કોશિશ કરતા ચકચાર



પોલીસે યુવાન વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨) તથા પોકસો અધિનિયમ ૨૦૧૨ ની કલમ ૮ તેમજ એટ્રોસીટી એકટ કલમ ૩(૨)(૫), ૩(૧)(ડ્બ્લ્યુ)(II) મુજબ ફરિયાદ નોંધી ધરપકડ કરી

રાજપીપળા : નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા પોલીસ સ્ટેશનમાં એક મુસ્લિમ યુવાન વિરુદ્ધ એક આદિવાસી સગીરાના પિતાએ ફરિયાદ નોંધાવી કે આ મુસ્લિમ યુવાન ધાક ધમકી આપીને તેની સગીરવયની દીકરીનું અપહરણ કરી છેડતી કરી, દુષ્કર્મની કોશિશ કરી હતી ત્યારે આ ઘટનાથી આદિવાસી સમાજમાં પણ રોષ ફેલાયો છે. જોકે ટાઉન પીઆઇ આર.એન રાઠવા એ આ યુવાનની ધરપકડ કરી જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોદ્વારા મળેલ માહિતી અનુસાર માંગરોલ ખાતે રહેા શૈલેશ અંબુ તડવી ની ૧૬ વર્ષીય દીકરી રાજપીપળા સિંધીવાડ ખાતે રહેતી તેની ફોઈને ઘરે આવી હતી તે સમયે સિંધીવાડમાં રહેતો શકીલ મહંમદ હનીફ દિવાન આ યુવતી સગીરવયની અને આદિવાસી હોવાની વાત જાણતો હોવા છતાં આ સગીરાને વારંવાર છેડતી કરી તું મને ખુબ ગમે છે અને હું તારી સાથે બોલવા માંગુ છું જો મારી સાથે નહીં બોલે તો ભગાડી લઇ જવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હેરાન કરતો હતો. એક દિવસ સગીરા પોતાની બહેનપણી સાથે માંગરોલ હાઇસ્કુલમાં રસીદની ઝેરોક્ષ આપવા માટે પગપાળા જતી હતી ત્યારે આ મુસ્લિમ યુવાન મોટર સાયકલ લઇ આવી સગીરાને ધમકી આપી હાથ પકડી ખેંચીને જબરજસ્તી મોટર સાયકલ ઉપર બેસાડી કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ રાજપીપળા કરજણ નદીના ઓવારા પાસે મંદિરની બાજુમાં થઈને જવાના અંતરીયાળ રસ્તે લઇ જઈ સગીરને નહીં બોલે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી દુષ્કામનો પ્રયાસ કરવા જતા સગીરાએ બુમાબુમ કરતા આજુબાજુના માણસો દોડી આવતા આ યુવાન સગીરાને ધક્કો મારી ફેંકી ભાગી ગયો. જે હકીકત સગીરાએ તેના પિતાને કહેતા પિતાએ રાજપીપળા પોલીસમાં ફરિયાદ નોધાવી હોય મદદનીશ પોલીસ અધિક્ષક, કેવડીયા અચલ ત્યાગીની દેખરેખ હેઠળ પોલીસ હાલ તાપસ કરી રહી છે.

વિશ્વ મહિલા દિને 'સમાજમિત્ર'તંત્રી રસીલાબેન પરમાર સન્માનિત



૮ માર્ચ - વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમાં 'મંતવ્ય ન્યૂઝ ફાઉન્ડેશન - ચેનલ'ના ઉપક્રમે વિવિધ ક્ષેત્રની પ્રતિભાશાળી મહિલાઓના સન્માન માટે યોજાયેલા સમારંભમાં, વંચિતોની સેવાને સમર્પિત સામયિક 'સમાજમિત્ર'ના તંત્રી શ્રીમતિ રસીલાબેન પરમાર(ગાંધીનગર)ને પણ એન્ટરપ્રિનિયર-સમાજસેવક સુશ્રી અનાર પટેલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે ગુજરાત મહિલા આયોગના લીલાબેન અંકોલિયા,રાજ્યના અગ્ર સચિવ અંજુ શર્મા સહિતની મહિલા અગ્રણીઓ, મોટી સંખ્યામાં બહેનો સૌ ઉપસ્થિત હતા.

નાયબ ચીટનીશની પરીક્ષામાં વિરમગામના વિજયકુમાર રાવલ અમદાવાદ જીલ્લામાં પ્રથમ ક્રમે ઉતિર્ણ



તાજેતરમાં જાન્યુઆરી ૨૦૧૯માં ગુજરાત રાજ્ય પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા લેવાયેલ નાયબ ચીટનીશ (વિસ્તરણ અધિકારી) તાલુકા પંચાયત અધિકારીની પરીક્ષામાં વિજયકુમાર હરીપ્રસાદ રાવલ અમદાવાદ જીલ્લામાં પ્રથમ તેમજ ગુજરાત રાજ્યમાં પાંચમા ક્રમે ઉતિર્ણ થઈને વિરમગામ તાલુકાનું તથા તાલુકા પંચાયતનું ગૌરવ વધારેલ છે. વિરમગામ તાલુકામાં તલાટી તરીકે ફરજ બજાવતા વિજયકુમાર રાવલને પરીવાર, સહ કર્મચારીઓ, મિત્રો, સ્નેહીજનો દ્વારા રૂબરૂ તથા સૌશિયલ મિડીયાના માધ્યમથી અઢળક અભિનંદન આપવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં પ્રથમ વાર સફાઈ કામદારોનું નામ બદલી સ્વચ્છતા સૈનિક રાખવાની રજૂઆતને પ્રાથમિકતા આપવામાં આવી

સફાઈ કામદારોએ તેમને સફાઈ કામદારની જગ્યા એ સ્વછતા સૈનિક નું નામકરણ કરવા રજુઆત કરતા પાલિકા સત્તાધીશો એ તેમની આ વાત માન્ય રાખી હવે તેમને સફાઈ સૈનિક નું નામ આપવા ઠરાવ કરવા ખાતરી આપી હતી .



ત્રણ દિવસની હડતાલ બાદ સફાઈ કામદારો અને પાલિકા તંત્ર વચ્ચે બેઠક માં તેમની માંગણીઓ માટે સરકારમાં રજુઆત કરવા આપી બાંહેધરી

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકા ના સફાઈ કામદારો ની હડતાળને આજે ત્રીજો દિવસ થયા બાદ પાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ કારોબારી ચેરમેન અલ્કેશભાઈ ગોહિલ એ સફાઈ કામદારો સાથે એક બેઠક કરી તેમની યોગ્ય માંગણીઓ બાબતે બોર્ડમાં એક ઠરાવ કરી કલેક્ટર મારફતે સરકાર સુધી પોહ્ચાડવા બાંહેદરી આપી હતી ત્યારે વાલ્મિકી સમાજના પ્રમુખ કમલભાઈ ચૌહાણે પણ આ મિટિંગમાં રસ લઈ યોગ્ય સુઝાવ આપી કારોબારી ચેરમેન અલ્કેશભાઈની વાત સાથે સંમત થઈ સફાઈ કર્મચારીઓને સમજાવ્યા હતા સાથે સાથે અલ્કેશભાઈ એ કામદારોને જણાવ્યું હતું કે અમારી લાગણી તમારી સાથે છે પરંતુ જો સરકારની કોઈ સૂચના આવે તો અમારે ન છૂટકે આઉટ સોર્સ કર્મચારી રાખવા પડે તો તમને નુકશાન ન જાય એ માટે તમારી યોય માંગણીઓ બાબતે અમે સરકારને રજુઆત કરીશું માટે આપણા શહેરમાં ગંદકી કે રોગચાળો ન ફેલાય એ માટે તમામ હડતાલ માં જોડાયેલા કર્મચારીઓ નોકરી પર શરુ થઈ જાવ એ યોગ્ય રહેશે તેમ સેનેટરી ચેરમેન કાજલબેન કાછીયા સાથે કિંજલબેન તડવી ,લીલાબેન વસાવા ,મહેશભાઈ વસાવા સંદીપભાઈ દશાંદી ,જીગ્નેશભાઈ કમાન ઈલ્મુદીન બક્ષી સહીત વાલ્મિકી સમાજના પ્રમુખ કમલભાઈ ચૌહાણ ની હાજરી માં આ બેઠક કરવામાં આવી હતી ત્યારે હવે સફાઈ કામદારો શું નિર્ણય લે છે એ જોવું રહ્યું.

ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તારમાં PUBG Game/MOMO Challenge રમવા પર પ્રતિબંધ

ભરૂચ

PUBG Game/ MOMO Challenge ના કારણે બાળકો અને યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું જોવા મળે છે. આ ગેમને કારણે બાળકો અને યુવાનોના અભ્યામસ પર અસર થાય છે તેમજ આ ગેમની અસર બાળકો અને યુવાનોના વ્યાવહાર, વર્તન, વાણી અને વિકાસ પર પડે છે.

આથી ભરૂચ જિલ્લા મેજીસ્ટ્રે ટશ્રી રવિકુમાર અરોરાએ ભરૂચ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ ના નંબર ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટઅની કલમ૩૭(૩) અન્વ યે મળેલ સત્તા હેઠળ ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તાનરમાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાયની પરિસ્થિતતી જળવાઈ રહે તે હેતુસર PUBG Game/ MOMO Challenge રમવા પર તા.૦૭/૦૩/ ૨૦૧૯ થી તા.૦૫/૦૫/ ૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. સાથો સાથ જે પણ વ્યક્તિને ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તાજરમાં કોઈ પણ અન્યપ વ્યાક્તિોને એવી PUBG Game/ MOMO Challenge રમવાની ગતિવિધિમાં ભાગ લે છે, તે ધ્યા ને આવે તો નજદીકના પોલીસ સ્ટે શનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખિત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામં લાગું પડતું નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સાપુતારાના સ્થાનિક પ્રશ્નોના નિકાલ અંગેની બેઠક તા.૧૨મી માર્ચે સાપુતારા ખાતે યોજાશે

અમલીકરણ અધિકારીઓને પૂરતી વિગતો સાથે બેઠકમાં ઉપસ્થિત રહેવાની તાકિદ

આહવા

ગિરિમથક સાપુતારાના સ્થાનિક પ્રશ્નોની ચર્ચા વિચારણા અને સમીક્ષા અંગેની એક અગત્યની બેઠક, આગામી તા.૧૨/૩/ ૨૦૧૯નાં રોજ બપોરે ૧૨ વાગ્યે હોટલ તોરણ હિલ રીસોર્ટના કોન્ફરન્સ હોલમાં આયોજિત કરવામાં આવી છે.

બેઠકમાં સાપુતારાના સ્થાનિક પ્રશ્નો જેવા કે પાણી પુરવઠાના કામો, ડ્રેનેજ સીસ્ટમ, માર્ગ અને મકાન વિભાગના કામો, પોલીસ ખાતાને લગતા પ્રશ્નો, સંગ્રહાલયના રીનોવેશનની બાબતો, આંતરીક માર્ગો તથા ફૂટપાથના કામો, દબાણો હટાવવાના પ્રશ્નો જેવા મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવનાર છે. સંબંધિત અમલીકરણ અધિકારીઓને તેમના હસ્તકની કામગીરીની પૂરતી વિગતો સાથે બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ભરૂચ જિલ્લામાં પેન્શન મેળવતા પેન્શનરો જોગ

ભરૂચ

ભરૂચ જિલ્લામાં પેન્શન મેળવતા પેન્શનરશ્રીઓએ આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯૨ અન્વયે થયેલ જોગવાઈને અનુરૂપ વર્ષ-૨૦૧૯-૨૦ માં થયેલ જોગવાને અનુરૂપ કરપાત્ર આવક ધરાવતા પેન્શનરોએ માન્ય રોકાણની વિગત તથા પાનકાર્ડની નકલ પર પોતાનો પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર, બેંક ખાતા નંબર અને બેંકનું નામ તથા બેંક શાખાની વિગત લખી જિલ્લા તિજોરી અધિકારી - ભરૂચ ખાતે જમા કરાવવી. જેથી અધિનિયમમાં થયેલ જોગવાઈનું પાલન થઈ શકે એમ જિલ્લા તિજોરી અધિકારી - ભરૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

મહિલાઓ માટે ધરેલુ હિંસા સહિતના ઉત્પિડનમાં તાત્કાલિક બચાવ, રાહત માર્ગદર્શન અને સલાહ આપતુ અભિયાન



ડાંગ જિલ્લામાં અભ્યાન મહિલા હેલ્પ લાઈન-૧૮૧ દ્વારા થઈ રહી છે પ્રશંસનિય કામગીરી

આહવા

મહિલાઓને ધરેલુ હિંસા સહિતના વિવિધ હિંસા અને ઉત્પિડનના કિસ્સાઓમાં તાત્કાલિક બચાવ, રાહત, માર્ગદર્શન અને સલાહ આપવા સાથે, મહિલા કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપી રહેલી મહિલા હેલ્પ લાઈન-૧૮૧ : અભયમ્ની। પ્રશંસનિય કામગીરી અનેક મહિલાઓ માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે.

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને જીવીકે-ઈએમઆરઆઈ દ્વારા સંયુક્ત રીતે સંચાલન કરવામાં આવી રહેલી મહિલા સુરક્ષા અને સલામતીની આ સેવાને ડાંગ જિલ્લામાં પણ વ્યાપક આવકાર મળી રહ્યો છે.

જીવીકે -ઈએમ આરઆઈના રાજ્યકક્ષાના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી જશવંત પ્રજાપતિના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રેની ઉત્કૃષ્ટ સેવા તરીકે શરૂ કરાયેલી મહિલા હેલ્પલાઈન ૧૮૧-અભ્યાન દ્વારા રાજયની મહિલાઓ સાથે થતા દુર્વ્યવહાર સહિતની કટોકટીની અને સંવેદનશીલ ક્ષણોમાં ત્વરીત માર્ગદર્શન સાથે સલામતીની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સને ૨૦૧૫ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસથી શરૂ થયેલી આ સેવાએ પાછલા ચાર વર્ષોમાં તેની પ્રસંશનિય કામગીરીને કારણે પ્રજાજનોમાં એક અદકેરો વિશ્વાસ કેળવ્યો છે. આ સમયગાળામાં અભ્યાન દ્વારા તેની રેસ્કયૂ વાન અને તાલીમબદ્ધ કર્મયોગીઓના માધ્યમથી ૫ લાખથી વધુ કેસોમાં મધ્યસ્થી કરીને મહિલાઓને સુરક્ષા સાથે સલામતી પુરી પાડવામાં આવી છે. જ્યારે ડાંગ જિલ્લામાં પણ અંદાજીત ૧ હજારથી વધુ મહિલાઓને લાભાન્વિત કરવામાં આવી છે.

બદલાતા સાંપ્રત સમય સાથે કદમતાલ મેળવતા આ સેવાએ પણ ૧૮૧-અભ્યાન એન્ડ્રોઇડ બેઝ્ડ મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી આ સેવાને માત્ર એક ક્લીક જેટલી નજીક પહોંચાડી દીધી છે. પીડિતા મહિલાના આ એપ્લિકેશનના માધ્યમથી ફક્ત ટચ કરવાની સાથે જ, હેલ્પલાઈનના રીસ્પોન્સ સેન્ટર ઉપર જીપીએસના માધ્યમથી પીડિતા મહિલાનું લોકેશન ટ્રેસ કરવા સાથેની સીસ્ટમ ડેવલોપ કરવામાં આવી છે. આ એપ્લિકેશનનો પણ રાજ્યમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આજદિન સુધી ૧૭૧ એપ્સ એન્ડ્રોઇડથી ૪૮,૦૩૩ અને આ.ઈ.ઓ.એસ.થી ૩,૮૪૩ મહિલા યુઝર્સ દ્વારા ડાઉનલોડ કરવામાં આવી છે. આમ, બદલાતા સમય સાથે સલામતી અને સુરક્ષાના મૂળભુત ઉદેશની પૂર્તિ માટે હરદમ, હરહંમેશ તૈયાર અભયમ્-૧૮૧ મહિલા હેલ્પલાઈન સાચા અર્થમાં જરૂરિયાતમંદ મહિલાઓ માટે અભય પુરવાર થઈ રહી છે.

ખેડા જિલ્લાલમાં ત્રણ તાલુકા પંચાયત ભવનો, છ આરોગ્ય કેન્દ્રો તથા રામોલના આયુર્વેદીક દવાખાનાનું લોકાર્પણ કરાશે

નાયબ મુખ્યરમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારના વરદ્ હસ્તેર કરાશે

નડિયાદ

આજે નાયબ મુખ્યતમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને કૃષિ, પંચાયત અને પર્યાવરણના રાજયકક્ષાના મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારના વરદ્ હસ્તેય ખેડા જિલ્લાટમાં મહેમદાવાદ, ઠાસરા અને કપડવંજ ખાતે નવનિર્મિત તાલુકા પંચાયત ભવનો, પીજ, ઘોડાસર, જશુના મુવાના, કાચ્છતઈ ખાતે નવનિર્મિત પ્રાથમિક આરોગ્યપ કેન્દ્રિ, ઉત્તરસંડા-૧, કોટલીડોરા ખાતે પેટા આરોગ્યુ કેન્દ્રા તથા રામોલ મુકામે બનેલ આયુર્વેદીક દવાખાનાનું લોકાર્પણ નડિયાદ ઈપ્કો વાલા હોલ થી બપોરના ૨/૦૦ કલાકે કરવામાં આવનાર છે.

ખેડા જિલ્લામિાં રૂા.૨૩૭/- લાખના ખર્ચે મહેમદાવાદ તાલુકા પંચાયત ભવન, રૂા.૨૪૦/- લાખના ખર્ચે ઠાસરા તાલુકા પંચાયત ભવન અને રૂા.૨૩૮/- લાખના ખર્ચે કપડવંજ તાલુકા પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવ્યુંત છે. જયારે પ્રજાની સુખાકારી માટે તથા પ્રજાને ભારતીય ચિકિત્સાન પધ્ધતનિનો બહોળો લાભ મળે તે હેતુથી સને ૨૦૦૧માં રાજય સરકારે ૧૮૨ દવાખાનાઓ શરૂ કરેલ હતા. તે પૈકી રામોલનું દવાખાનું મંજૂર થયેલ હતું. આ દવાખાનું ટ્રસ્ટ ના મકાનમાં કાર્યરત હતું જેદવાખાનાનું નવીન મકાન અત્યેંત આધુનિક ઢબથી તૈયાર કરવામાં આવેલ છે. તેનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે વિધાનસભાના મુખ્યપ દંડકશ્રી પંકજકુમાર દેસાઇ, ખેડા લોકસભાના સાંસદશ્રી દેવુંસિંહ ચૌહાણ તથા ખેડા જિલ્લાસ પંચાયત પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલની વિશેષ ઉપસ્થિાતિ રહેશે.

નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષાઓનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

જિલ્લા કલેકટરે ફુલ અને ચોકલેટ આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી



રાજપીપળા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શરૂ થયેલી ધોરણ- ૧૦ અને ૧૨ ની જાહેર પરીક્ષાઓનો આજથી નર્મદા જિલ્લામાં શાતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો છે. બોર્ડની આ જાહેર પરીક્ષાઓના પ્રારંભે આજે સવારે રાજપીપલાની શ્રી એમ.આર. વિદ્યાલય ખાતે જિલ્લા કલેક્ટર આઇ. કે. પટેલે પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી ગુલાબના પુષ્પ સાથે ચોકલેટથી મોઢું મીઠું કરાવીને પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ - કારકિર્દીની માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરની સાથે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. નિપાબેન પટેલ, ઉપરાંત રાજેન્દ્ર હાઈસ્કૂલના આચાર્ય જયદીપસિંહ ચૌહાણ, જાયન્ટસ ગૃપના ભરતભાઈ વ્યાસ- સ્વૈચ્છિક સંસ્થાના હોદ્દેદારો વગેરે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવાના આ કાર્યક્રમમાં જોડાઈને તેમણે પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

જિલ્લા કલેક્ટર આઇ કે પટેલ અને જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. નિપાબેન પટેલે શાળામાં વિદ્યાર્થીઓ માટે ઉભી કરાયેલી પરીક્ષા સંદર્ભની સુવિધાઓ ઉપરાંત શાળામાં ગોઠવાયેલા સીસીટીવી કેમેરાની વ્યવસ્થા નિહાળી હતી અને સીસીટીવી કેમેરા ધ્વારા પરીક્ષા ખંડમાં થઇ રહેલી કામગીરીના મોનિટરીંગનું આચાર્યના કાર્યાલયમાંથી નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં આજથી પ્રારંભાયેલી બોર્ડની આ જાહેર પરીક્ષા માટે ધોરણ- ૧૦ ની પરીક્ષામાં ૧૫ પરીક્ષા કેન્દ્રો મા ૨૯ પરીક્ષા બિલ્ડીગ મા ૩૯૫ બ્લોક ખાતે ૧૧,૮૧૭ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યાં છે. સમગ્ર જિલ્લામાં તમામ પ્રકારનો પોલીસ બંદોબસ્ત અને વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા લાયઝન અધિકારી તરીકે નિમાયેલા વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓ સમગ્ર જિલ્લામાં આ પરીક્ષા સંચાલનની કામગીરી ઉપર ચાંપતી નજર રાખી રહયાં છે.

રાજપીપળામાં શહેરમાં વાલ્મિકી સફાઇ કામદારોની હડતાલનો ત્રીજો દિવસ, જોકે કાયમી સફાઇ કામદારો નોકરી પર જોડાયા

રાજપીપળા પાલિકાના ચીફ ઓફીસર અમિત પંડ્યાએ જણાવ્યું હતું કે શહેરમાં રહેલ કચરાનો નિકાલ કરવા હાલ તો કાયમી કર્મચારીઓ કામે લાગી ગયા છે અને જો હજુ આ હડતાલ લાંબી ચાલશે તો વૈકલ્પિક વ્યવસ્થા કરી ઉકેલ લાવવામાં આવશે.હાલ તો ૨૪ કાયમી સફાઇ કામદારો એક દિવસની સીએલ મૂકી હડતાળમાં જોડાયા બાદ ફરી નોકરી ઉપર શરુ થયા છે



દેશની સરહદની રક્ષા કરતા સૈનિકોની જેમ દેશના સ્વાસ્થ્ય સૈનિકોનો પણ દરજ્જો હોવો જોઈએ :કમલ ચૌહાણ. રાજપીપળામાં વાલ્મિકી સફાઇ કામદારોની હડતાલ ને પગલે ગંદકીના ઢગલા જોવા મળ્યા



રાજપીપળા :ગુજરાત ભરમાં વાલ્મિકી સફાઇ કામદારોની સાથે રાજપીપળા પાલિકાના વાલ્મિકી સમાજના કામદારોએ પણ પોતાને કાયમી કરવા અને બીજી અન્ય પડતર માંગણીઓ મુદે હડતાલ પર ઉતરતા રાજપીપળા શહેરોમાં કચરાના ઢગલે ઢગલા થઈ જવાથી ગંદકી છવાઈ ગઈ છે.વાલ્મિકી સફાઈ ામદારોએ હડતાલનું રણસીગુ ફૂંકી સરકાર સરકાર હવે શું કરે છે એ જોવું રહ્યું.રાજપીપળા નગરપાલિકાના ૧૪૦ જેવા સફાઇ કામદારો ૫ માર્ચથી અચોક્કસ મુદતની હડતાલ પર જતા ત્રીજા દિવસે રાજપીપળા શહેરમાં ઠેરઠેર ગંદીકીનું સામ્રાજ્ય છવાયેલું જોવા મળ્યું હતું.

બીજી બાજુ રાજપીપળા પાલિકાના ૨૪ જેવા કાયમી સફાઇ કર્મચારીઓ એક દિવસની સીએલ બાદ ફરજ પર જોડાઈ જતા થોડી રાહત થઈ હતી ત્યારે રાજપીપળા પાલિકા કોંગ્રેસ સભ્ય કમલ ચૌહાણે માંગ કરી હતી કે પીએમ મોદી દલિતોના પગ ધોઈ ખાલી પબ્લિસિટી સ્ટંટ કરે છે એના કરતા એમના પેટનો ખાડો પૂરે એ જરૂરી છે.આજે દેશમાં ગન્દકીઓ સાફ કરવાનું કામ વાલ્મિકી સમાજના લોકો જ કરે છે,તેથી તેઓ દેશના સ્વાસ્થ્યના સૈનિકો કહેવાય.દેશની સરહદની રક્ષા કરતા સૈનિકો જેવો દેશના સ્વાસ્થ્ય સૈનિકોનો પણ દરજ્જો હોવો જોઈએ.

નર્મદા જિલ્લાની વીજ કંપની નોટિસ આપ્યા વિના એગ્રીકલચર અને ઘર વપરાશના વીજ જોડાણો કાપી નાખે છે :ખેડૂતોએ આક્ષેપ સાથે કલેકટરને રજુઆત કરી

વીજ કંપનીના અધિકારીઓ ખોટી રીતે વીજ જોડાણો કાપી નાખતા હોવાથી નર્મદા જિલ્લાના ખેડૂતોને ખેતીમાં નુકશાન જાય છે,ઘરનું મુખ્ય વ્યક્તિ હાજર ન હોવા છતાં ઘરના અન્ય વ્યક્તિઓ સાથે ગેરવર્તણૂક કરી વીજ કંપનીના અધિકારીઓ પૈસા વસુલે છે:નર્મદા જિલ્લાના ખેડૂતોનો આક્ષેપ.



રાજપીપળા :નર્મદા જિલ્લાના મોટે ભાગના લોકો ખેતી પર પોતાનું જીવન ગુજારી રહ્યા છે.ત્યારે સરકારની વિવિધ ખેતીલક્ષી યોજનાઓનો નર્મદા જિલ્લાના ખેડૂતો લાભ ન લઈ શકતા હોવાની ફરિયાદ લઈને ખેડૂતો નર્મદા જિલ્લાના સહકારી આગેવાન સુનિલ પટેલ પાસે પહોંચ્યા હતા. ત્યારે ભરૂચ ડિસ્ટ્રીકટ બેંક અને ગુજકોમાશોલ ના ડિરેકટર સુનિલ પટેલની આગેવાનીમાં જિલ્લાના ૨૦ થી વધુ સરપંચો સાથે ખેડૂત આગેવાનો આઈ.સી.પટેલ, હરનિશ ભાઈ પટેલ,સુનિલ પટેલ (વરખડ),જતીન પટેલ,નિલેશ પટેલ,જગદીશ ભાઇ પટેલ,કિરીટ પટેલ (ભદામ),પ્રશાંત પટેલ (નાવરા)મણિલાલ વસાવા સહિત મોટી સંખ્યામાં ખેડૂત આગેવાનો પોતાના વિકટ પ્રશ્નોના નિરાકરણ માટે કલેકટર કચેરીએ પહોંચી ગયા હતા અને જિલ્લા કલેકટર આર.એન.પટેલને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી

ખેડૂત આગેવાનોએ પોતાના આવેદનપત્રમાં જણાવ્યું હતું કે નર્મદા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે સરકારની તાર-ફેનસિંગ યોજનાનો લાભ મેળવી શકતા નથી.જેને લીધે ખેતરોમા નિલ ગાય,ભૂંડ સહિતના અન્ય પ્રાણીઓ ખેતરમાં ઘુસી જાય છે અને અમારા શેરડી, કેળા,તુવેર,કપાસ જેવા પાકોને મોટું નુકસાન પહોંચે છે.વધુમાં એગ્રીકલચર લાઈટ ૮-૧૦ કલાકની જ હોય છે,બાકીના સમયમાં અંધારું હોવાથી રાત્રી દરમિયાન કેબલ ચોરી,ટીસી ચોરી સહિત ભૂંડોનો ત્રાસ વધી ગયો છે.વીજ કંપની દ્વારા નર્મદા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોના એગ્રીકલચર અને ઘર વપરાશનું વીજ બિલ બાકી હોય તો નોટિસ આપ્યા વિના વીજ જોડાણો કાપી નખાય છે,જેને લીધે અમને ખેતીમાં મોટું નુકશાન થાય છે.ઘરનું મુખ્ય વ્યક્તિ હાજર ન હોવા છતાં ઘરના અન્ય વ્યક્તિઓ સાથે ગેરવર્તણૂક કરી વીજ કંપનીના કર્મચારીઓ પૈસા વસુલે છે.

જંબુસર ડિવિઝનના પો.સ્ટે. ,ના ૩.૪૦ લાખથી વધુના વિદેશી દારૂનો નાશ કરાયો



જંબુસર ડિવિઝનના જંબુસર, આમોદ, કાવી, વેડચ પો.સ્ટેના વિદેશી દારૂની બોટલો નંગ-૨૦,૭૨૮ કિ.રૂ. ૪૦,૪૬,૩૪૦/- નો મુદ્દામાલ નાશ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમા નાઓની સુચનાથી આજરોજ સબ ડિવિજનલ મેજીસ્ટ્રેટ એ.કે.કલસરીયા જંબુસર તથા બી.કે.પટેલ ઇન્સ. પ્રોહી અને એક્સાઇઝ ભરૂચ તથા એ.જી.ગોહિલ નાયબ પોલીસ અધિક્ષક સા. જંબુસર તથા પો.સ.ઇ આમોદ, વેડચ, કાવી તેમજ પો.ઇન્સ જંબુસર નાઓની હાજરીમાં સબ ડિવિઝનલ મેજી જબુસર નાઓના હુકમ આધારે જયુ.ફ.ક.મેજી. જંબુસર તથા આમોદ કોર્ટના હુકમો આધારે આજરોજ તા. ૦૭/૦૩/૨૦૧૯ ના રોજ ઉપરોક્ત પો.સ્ટેના કુલ ૩૬ ગુનાઓનો વિદેશી દારૂની નાની-મોટી બોટલો નંગ ૨૦,૭૨૮ કરિ.રૂ ૪૦,૪૬,૩૪૦/- ના મુદ્દામાલ આમોદ-નાહિયેર રોડ ઉપર આવેલ રેવા સુગર કંપનેની પડતર જગ્યામાં જરૂરી પોલીસ બંદોબસ્ત સાથે રોલર ફેરવી સંપુર્ણપણે વિદેશી દારૂનો જથ્થો વિધિવત કાર્યવાહી કરી નાશ કરવામાં આવેલ છે. જે બદલ સબ. ડિવિ. મેજી. જંબુસર નાઓના રૂબરૂનુ પંચનામું તા. ૦૭/૦૩/૨૦૧૯ ના કલાક ૧૨/૧૫ થી કલાક ૧૪/૨૫ સુધીનુ કરવામાં આવેલ છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.inમાં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847